

એકલો પુરૂષાર્થ કરું....કરું....કરું...કરું.... એવી એકાંત પુરૂષાર્થની બુદ્ધિ રહે—એકાંત પુરૂષાર્થબુદ્ધિ રહે તે પણ મિથ્યાત્વ છે. પાંચ સમવાયનું ભેગું આવવું જોઈએ. તે પાંચે સમવાયનું સાથે આવે ત્યારે તે સહજરૂપ પુરૂષાર્થથી સમ્યગ્દર્શન પામે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૭
સં. ૨૦૫૩
[૬૪૫] * **આત્મધર્મ** * [અંક-૧ વર્ષ-૫૪]
વીર સં. ૨૫૨૩
જુલાઈ-૧૯૯૭

શિવપુરી (M.P.) નિવાસી શ્રી દક્ખોબાઈ મુરારીલાલજી જૈન દ્વારા
અધ્યાત્મ-અતિશયતીર્થ સોનગઢમાં સાનન્દોલ્લાસ સમ્પન્ન થનારો

**ધર્મરત્ન પ્રશમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનનો ૮૪મો**

# * સાંવત્સરિક મંગલ જન્મોત્સવ *

સ્વાનુભવમુદ્રિત-અધ્યાત્મમાર્ગપ્રકાશક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભૂતિવિભૂષિત ભગવતી પૂજ્ય બહિનશ્રી ચમ્પાબેનની—કે જેમની વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુમહિમાભીની તેમજ સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક ઉપકાર-કિરણોં, આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતા રહે છે તેમની ૮૪મી જન્મજયંતી (શ્રાવણ વદ બીજ) સુવર્ણપુરીમાં શિવપુરી (ગ્વાલિયર) નિવાસી શ્રી દક્ખોબાઈ મુરારીલાલજી જૈન (હા. સુપુત્ર ગિરનારીલાલજી તેમ જ અશોકકુમારજી જૈન)ના સૌજન્યથી ભક્તિ-ભાવથી ઉજવવામાં આવશે. આ મંગલ જન્મોત્સવનું આયોજન તા. ૧૬-૮-૯૭, શનિવારથી તા. ૨૦-૮-૯૭, બુધવાર—પાંચ દિવસ સુધી 'શ્રી ચૌંસઠ-ૠદ્ધિમંડલવિધાનપૂજા', અધ્યાત્મ- જ્ઞાનોપાસના અને દેવ-ગુરૂભક્તિ આદિ વિવિધ રોચક કાર્યક્રમ સહિત અતીવ ભક્ત્યુલ્લાસથી ઉજવવામાં આવશે. આ મંગલ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ ટેપપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, ઘાટકોપર, વઢવાણ તેમ જ મલાડની દિ૦ જૈન ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તેમ જ પ્રાસંગિક ભક્તિ-ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ બધાને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

કહાન
સંવત–૧૭
વર્ષ–૫૪
અંક–૧
[ ૬૪૫ ]

વીર
સંવત
૨૫૨૩
સં. ૨૦૫૩
JULY
A. D. 1997




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# વીતરાગી વિજ્ઞાનમાં જણાતા વિશ્વના જ્ઞેય પદાર્થોનો સ્વભાવ

[ શ્રી પ્રવચનસાર ગાથા–૯૯ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

[ સળંગ પ્રવચન નં. ૨ ]

બે વાત થઈ છે : (૧) પ્રથમ તો, ક્ષેત્રના દૃષ્ટાંતે દ્રવ્યના અનાદિઅનંત પ્રવાહની એક સમયવૃત્તિ બતાવી, અને તે પ્રવાહક્રમના સૂક્ષ્મ અંશો તે પરિણામો છે–એમ બતાવ્યું.–એ રીતે દ્રવ્યને સત્ સાબિત કર્યું. તેમાં, સળંગ હયાતી અપેક્ષાએ એકપણું ને પરિણામોની અપેક્ષાએ અનેકપણું–એમ સત્‌માં એક-અનેકપણું પણ સાબિત કર્યું.

(૨) ત્યાર પછી પરિણામોનો પરસ્પર વ્યતિરેક સાબિત કર્યો.

એ પ્રમાણે બે વાત સિદ્ધ કરી, તેનો વિસ્તાર કરીને હવે તેમાંથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ કાઢે છે.

" જેમ તે પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી ઉત્પન્ન ને પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર (બધેય) પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એક વાસ્તુપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ–સંહાર–ધ્રૌવ્યાત્મક છે, તેમ તે પરિણામો પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન ને પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર પરસ્પર

અનુપસ્તિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર ધ્રૌવ્યાત્મક છે."

આમાં પ્રદેશોની વાત દૃષ્ટાંતરૂપ છે ને પરિણામોની વાત સિદ્ધાંતરૂપ છે.

શ્રોતા:—આ શું વિષય ચાલે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી:—આ વસ્તુના સ્વભાવની વાત ચાલે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામ તે પદાર્થોના સ્વભાવ છે, અને તે સ્વભાવમાં સદાય રહેલું દ્રવ્ય સત્ છે-એ વાત અહીં સાબિત કરવી છે. તેમાં પ્રથમ આટલી વાત તો સિદ્ધ કરી ગયા કે—દ્રવ્યની વૃત્તિ અનાદિઅનંત અખંડપણે એક હોવા છતાં, તેના પ્રવાહક્રમનો અંશ તે પરિણામ છે. તે તે પરિણામો એકબીજામાં પ્રવર્તતા નથી પણ તેમનો એકબીજામાં અભાવ છે. તેમાંથી હવે વિસ્તાર કરીને ઉત્પાદ-વ્યય-ધ્રુવ કાઢે છે. તેમાં પણ પહેલાં ક્ષેત્રનું દૃષ્ટાંત આપે છે.

આખા દ્રવ્યના એક ક્ષેત્રને લ્યો તો તેના પ્રદેશો ઉત્પત્તિ-વિનાશ રહિત છે, અને તે પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક હોવાથી, તે પ્રદેશો પોતપોતાના સ્વ-ક્ષેત્રમાં પોતાપણે સત્ છે ને પૂર્વના પ્રદેશપણે તે અસત્ છે,-એટલે કે તે પ્રદેશો પોતાપણે ઉત્પાદરૂપ છે ને પૂર્વના પ્રદેશની અપેક્ષાએ વ્યયરૂપ છે, એ રીતે બધાય પ્રદેશો ઉત્પાદ વ્યયરૂપ છે ને સર્વ પ્રદેશોનો વિસ્તાર સાથે લેતાં દ્રવ્યના પ્રદેશો ધ્રુવરૂપ છે. એ રીતે તે બધાય પ્રદેશો એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. ( અહીં પ્રદેશોનાં જે ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહ્યાં છે તે ક્ષેત્ર અપેક્ષાએ સમજવાં. ) તેના દાખલે સમય સમયના પરિણામોમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું છે. અનાદિઅનંત એક પ્રવાહની અપેક્ષાએ પરિણામો ઉત્પત્તિ-વિનાશ રહિત ધ્રુવ છે, ને તે પરિણામો પોતપોતાના સ્વકાળમાં ઉત્પાદરૂપ છે તથા પૂર્વપરિણામ અપેક્ષાએ વ્યયરૂપ છે. એ રીતે બધાય પરિણામો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે ને એવા ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામો તે વસ્તુનો સ્વભાવ છે.

અહીં પહેલાં સમુચ્ચય ક્ષેત્રની ને સમુચ્ચય પરિણામોની ભેગી વાત લઈને ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કર્યાં છે. એક પરિણામ જુદા પાડીને તેની વાત પછી લેશે. આ વાત એકલા આત્માની નથી પણ બધાંય દ્રવ્યોના સ્વભાવની છે. પણ અહીં આત્માની મુખ્યતાથી વાત કરવામાં આવે છે.

જેમ આત્માના અસંખ્ય પ્રદેશોમાં એક સમયમાં ક્ષેત્ર અપેક્ષાએ ઉત્પાદ-વ્યય-ધ્રુવ લાગુ પડે છે તેમ આત્માના પ્રવાહક્રમમાં વર્તનારા બધાય પરિણામો પોતપોતાના

અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન છે, પૂર્વરૂપથી વિનષ્ટ છે ને અખંડ ધારાવાહી પ્રવાહ તરીકે તેઓ ઉત્પન્ન કે વિનષ્ટ નથી. એટલે તે પરિણામો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે.

પ્રદેશોનો દાખલો છે તેમાં ક્ષેત્ર અપેક્ષાએ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે ને સિદ્ધાંતમાં પરિણામ અપેક્ષાએ (પ્રવાહ અપેક્ષાએ, કાળ અપેક્ષાએ) ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે.

જુઓ તો ખરા! ક્રમબદ્ધ પોતાના અવસરમાં બધા પરિણામોના ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહીને આખા ત્રિકાળી દ્રવ્યને જ્ઞેય તરીકે સામે રાખી દીધું છે. સર્વજ્ઞની અને જ્ઞાનસ્વભાવની પ્રતીત વગર આ વાત કોઈ રીતે અંદર બેસે તેવી નથી. આની પ્રતીતમાં સમ્યગ્દર્શન છે ને ચોસઠ પહોરી પીપર ઘૂંટાતી હોય તેમ, આના ઘૂંટણમાં એકલી વીતરાગતા જ ઘૂંટાય છે. અહો! અદ્‌ભુત વાત મૂકી છે.

દ્રવ્યના બધા પરિણામો પોતપોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન છે, પૂર્વરૂપથી વિનષ્ટ છે ને એક સળંગ પ્રવાહની અપેક્ષાએ તેઓ ઉત્પત્તિ-વિનાશ રહિત ધ્રુવ છે.

અહીં પરિણામોનો સ્વઅવસર કહીને આચાર્યદેવે અદ્‌ભુત વાત કરી છે. જેટલા એક દ્રવ્યના પરિણામો તેટલા જ ત્રણકાળના સમયો, ને જેટલા ત્રણકાળના સમયો તેટલા જ એક દ્રવ્યના પરિણામો. બસ! આટલું નક્કી કરે તો પોતાના જ્ઞાયકપણાની પ્રતીતિ થઈ જાય. દ્રવ્યના દરેક પરિણામને પોતપોતાનો અવસર ભિન્ન છે. સામે ત્રણ કાળના પરિણામો એક સાથે જ્ઞેય છે ને અહીં આત્મા તેનો જાણનાર છે. આવા જ્ઞેયજ્ઞાયકપણામાં વચ્ચે રાગ ન રહ્યો, એકલી વીતરાગતા જ આવી. પહેલાં આવી શ્રદ્ધા કરતાં વીતરાગી શ્રદ્ધા થાય છે ને પછી જ્ઞાનસ્વભાવમાં સ્થિરતા થતાં વીતરાગી ચારિત્ર થાય છે.

અહો! આ દ્રવ્યના પરિણામોનો સ્વઅવસર કહો કે ક્રમબદ્ધ પરિણામ કહો, તેની પ્રતીત કરતાં પરિણામી એવા ત્રિકાળી દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ જાય છે. પરિણામોના સ્વ અવસરની આ વાત સ્વીકારતાં તો, 'નિમિત્ત આવે તો પરિણામ થાય કે નિમિત્તને લીધે અહીં પરિણામમાં ફેરફાર થાય, કર્મના ઉદયથી વિકાર થાય, કે વ્યવહાર કરતાં કરતાં પરમાર્થ પ્રગટે, અથવા તો પર્યાયના આધારે પર્યાય થાય' એવી કોઈ વાત ઊભી રહેતી નથી. બધા પરિણામો પોતપોતાના અવસરે દ્રવ્યમાંથી પ્રગટે છે. જ્યાં દ્રવ્યના દરેક પરિણામો પોતપોતાના અવસરે 'સત્' છે ત્યાં વળી નિમિત્ત સામે જોવાનું જ ક્યાં રહ્યું? —અને 'હું પરમાં ફેરફાર કરું કે પરથી મારામાં ફેરફાર થાય' —એ વાત પણ ક્યાં રહી?—માત્ર જ્ઞાતા અને જ્ઞેયપણું જ રહે છે, એ જ મોક્ષનો માર્ગ છે, એ જ સમ્યક્ પુરુષાર્થ છે.

ત્રણકાળના પરિણામો છે તે દ્રવ્યના પ્રવાહરૂપી સાંકળના અંકોડા છે. જેમ સાંકળના અંકોડા આઘાપાછા ન થાય, જેમ છે તેમ જ રહે છે તેમ દ્રવ્યના અનાદિ-અનંત પરિણામો પોતાના અવસરથી આઘાપાછા ન થાય, દરેક પરિણામ પોતપોતાના અવસરમાં સત્ છે. આમાં ત્રણકાળના પરિણામોની એક સળંગ સાંકળ લઈને ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત કરી છે. દ્રવ્ય પોતાના પરિણામ સ્વભાવમાં રહેલું છે. અત્યારે પરિણામનો સ્વભાવ શું છે તે વાત ચાલે છે. પહેલાં પરિણામોનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ-સ્વભાવ સાબિત કરે છે; અને પછી, દ્રવ્ય તે પરિણામ સ્વભાવમાં રહેલું હોવાથી તે દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું સત્ છે—એમ છેલ્લે સાબિત કરશે. જ્ઞાતા, વસ્તુના આવા સ્વભાવને જાણે ને જ્ઞેયોમાં ફેરફાર કરવાનું ન માને તે સમ્યક્ત્વ છે, ને પદાર્થોના સ્વભાવનો જ્ઞાતા રહે તેમાં વીતરાગતા છે.

આ પ્રવચનસારમાં પહેલાં તો જ્ઞાનતત્ત્વપ્રજ્ઞાપનમાં આત્માનો જ્ઞાનસ્વભાવ નક્કી કર્યો છે ને પછી બીજા અધિકારમાં જ્ઞેયતત્ત્વોનું વર્ણન કર્યું છે. આત્માનો સ્વભાવ જ્ઞાન જ છે ને જીવ-અજીવમાં પોતપોતાના અવસરે થતા ત્રણકાળના પરિણામો તે જ્ઞેયો છે.—આવી પ્રતીતિ કરતાં ક્યાંય ફેરફાર કે આઘુંપાછું કરવાની બુદ્ધિ ન રહી, રાગદ્વેષની બુદ્ધિ ન રહી, એટલે જ્ઞાન સ્વમાં ઠર્યું. આ જ વીતરાગતા અને કેવળજ્ઞાનનું કારણ છે.

પદાર્થોનો જેવો સત્ સ્વભાવ હોય તેવો માને તો સત્ માન્યતા કહેવાય પણ પદાર્થોના સત્ સ્વભાવથી બીજી રીતે માને તો તે માન્યતા મિથ્યા છે. આ 'સત્'ની શ્રદ્ધા કરાવે છે. 'સત્' તે દ્રવ્યનું લક્ષણ છે, અને તે સત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું છે. આવા દ્રવ્યના સત્સ્વભાવની પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે. એ જ ખરું तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं છે. અત્યારે વાતો પરિણામોની ચાલે છે પણ પરિણામના નિર્ણયમાં પરિણામી દ્રવ્યનો નિર્ણય પણ આવી જ જાય છે. પરિણામ તો ક્ષણિક છે, પણ તે પરિણામ કોના ? – કે ત્રિકાળી દ્રવ્યના પરિણામ અદ્ધરથી થતા નથી પણ પરિણામીના પરિણામ છે; એટલે પરિણામનો નિર્ણય કરતાં પરિણામી દ્રવ્યનો જ નિર્ણય થાય છે, ને એકલા પરિણામ ઉપરથી રુચિ ખસીને ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તરફ રુચિ અને જ્ઞાન વળે છે, — એ જ સમ્યગ્દર્શન અને વીતરાગતાનું મૂળ છે.

આ ૯૯મી ગાથા ઘણી ઊંચી છે, આમાં વસ્તુસ્થિતિનું સ્વરૂપ અલૌકિક રીતે વર્ણવ્યું છે. બધાંય દ્રવ્યો 'સત્' છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત પરિણામ તે તેનો સ્વભાવ છે, ને એવા સ્વભાવમાં સદાય વર્તતું હોવાથી દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું છે—એમ આ ગાથામાં સિદ્ધ કરવું છે.

(૧) ટીકામાં, પહેલાં તો દ્રવ્યમાં સમગ્રપણા વડે અનાદિઅનંત પ્રવાહની એકતા. ને પ્રવાહક્રમના સૂક્ષ્મ અંશો તે પરિણામો—એમ બતાવ્યું.

(૨) પછી પ્રવાહક્રમમાં વર્તતા પરિણામોનો પરસ્પર વ્યતિરેક સિદ્ધ કર્યો.

(૩) પછી સમુચ્ચયપણે આખાય દ્રવ્યના ત્રિકાળી પરિણામોને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ કર્યા. (તેના દ્રષ્ટાંતમાં, દ્રવ્યના બધાય પ્રદેશોને ક્ષેત્ર અપેક્ષાએ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ કર્યા.)

(૪) પછી એક જ પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકપણું બતાવ્યું. (તેના દ્રષ્ટાંતમાં, એકેક પ્રદેશમાં ક્ષેત્ર અપેક્ષાએ ઉત્પાદ-વ્યય-ધ્રુવ બતાવ્યાં.)

(૫) એ પ્રમાણે પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કર્યા પછી, છેલ્લે ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક પરિણામના પ્રવાહમાં દ્રવ્ય સદાય વર્તી રહ્યું છે એટલે દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત હોવાથી સત્ છે—એમ આખું દ્રવ્ય લઈને ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કર્યા છે.

ઉપર જે પાંચ બોલ કહ્યા, તેમાંથી અત્યારે આ ત્રીજા બોલનું વિવેચન ચાલે છે. પોતપોતાના અવસરમાં ત્રિકાળિક બધા પરિણામોનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવની એક સાથે વાત કરીને અહીં એકલો જ્ઞાયકભાવ જ બતાવ્યો છે. અહીં આખોય જ્ઞાયકભાવ અને સામે આખુંય જ્ઞેય એક સાથે લઈ લીધું.

અહીં પરિણામોમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સમજાવવા માટે પ્રદેશોનો દાખલો લીધો છે. અહીં કોઈ એમ કહે કે-બીજો કોઈ સહેલો દાખલો ન આપતાં આચાર્યદેવે પ્રદેશોનો આવો સૂક્ષ્મ દાખલો કેમ આપ્યો?—તો કહે છે કે ભાઈ! તું ધીરો થા. આચાર્યદેવે પ્રદેશોનો દાખલો યોગ્ય જ આપ્યો છે. કેમ કે દ્રવ્યનું આખું ક્ષેત્ર એક સાથે અક્રમે પથરાયેલું પડયું છે, ને પરિણામોની વ્યક્તતા તો ક્રમે ક્રમે થાય છે, માટે પ્રદેશોનો દાખલો ઝટ સમજાય તેવો છે, ને પરિણામોની વાત તેનાથી સૂક્ષ્મ છે. અહીં પરિણામોનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવની સૂક્ષ્મ અને ગંભીર વાત સમજાવવી છે. તેથી દાખલો પણ પ્રદેશોનો સૂક્ષ્મ જ લેવો પડે. જો બાહ્ય સ્થૂળ દાખલો આપવા જાય તો સિદ્ધાંતની જે સૂક્ષ્મતા અને ગંભીરતા છે તે ખ્યાલમાં ન આવે; માટે એવા સૂક્ષ્મ દ્રષ્ટાંતની જ અહીં જરૂર છે.

[ ક્રમશઃ ]

# ચૈતન્ય-હંસ પુણ્ય-પાપના ચારા ન ચરે

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૭૫ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રની આ ૧૧૯ મી ગાથા લેવાની છે. તેમાં આચાર્યદેવ કામ-ક્રોધાદિના ત્યાગથી 'શિવ' શબ્દથી કહેવામાં આવ્યો છે એવો પરમાત્મા દેખવામાં આવી જાય છે એવો અભિપ્રાય મનમાં રાખીને ગાથાસૂત્ર કહે છે.

जोइय णिय-मणि णिम्मलए पर दीसइ सिउ संतु ।
अंबरि णिम्मलि घण-रहिए भाणु जि जेम फुरंतु ॥११९॥

અર્થ:— હે યોગી ! પોતાના નિર્મળ મનમાં રાગાદિ રહિત નિજ પરમાત્મા નિયમથી દેખાય છે જેમ વાદળ રહિત નિર્મળ આકાશમાં સૂર્ય એકદમ સ્પષ્ટ પ્રકાશે છે તેમ.

જો આ આત્મા પુણ્ય-પાપ રાગાદિ વિકલ્પથી ખસીને સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનના નિર્મળ પરિણામ પ્રગટ કરે તો તેને પોતાનો શુદ્ધાત્મા સ્પષ્ટ પ્રગટ ભાસે છે.

આ, સમ્યગ્દષ્ટિથી માંડીને બધાં જ્ઞાનીને શુદ્ધાત્મા સ્પષ્ટ પ્રકાશે છે તેની વાત છે પણ મુખ્યપણે અહીં મુનિની વાત છે.

આત્મા વસ્તુ—પોતે પુણ્ય-પાપના રાગ રહિત વીતરાગ શાંતસ્વરૂપ છે પણ કામ એટલે રાગ અને ક્રોધ એટલે દ્વેષથી મલિન પરિણામમાં આત્મા જણાતો નથી. જેમ, વાદળથી છવાયેલા આકાશમાં સૂર્ય દેખાતો નથી પણ વાદળ રહિત નિર્મળ આકાશ હોય તો તેમાં સૂર્ય સ્પષ્ટ ઝળહળતો પ્રકાશે છે તેમ, રાગ-દ્વેષ રહિત વીતરાગ મનમાં જ્ઞાનસૂર્ય આત્મા એકદમ સ્પષ્ટ પ્રકાશે છે.

ભાવાર્થ:—જેમ મેઘમાળાના આડંબરથી સૂર્ય ભાસતો નથી—દેખાતો નથી પણ વાદળ દૂર થતાં નિર્મળ આકાશમાં સૂર્ય સ્પષ્ટ દેખાય છે તેમ, શુદ્ધાત્માની અનુભૂતિના શત્રુ જે કામ-ક્રોધાદિ વિકલ્પરૂપ મેઘ છે તેનો નાશ થતાં નિર્મળ મનરૂપી આકાશમાં કેવળજ્ઞાનાદિ અનંત ગુણરૂપ કિરણોથી સહિત નિજ શુદ્ધાત્મારૂપી સૂર્ય પ્રકાશ કરે છે.

પુણ્ય-પાપના વર્તમાન વિકલ્પની ધારા મેઘમાળા સમાન છે તેની આડમાં ભગવાન આત્મા દેખાતો નથી. તેથી તેને ભગવાન આત્માની નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન અનુભૂતિના શત્રુ કહ્યાં છે. જુઓ ! કર્મને વૈરી કહ્યા નથી પણ જીવના વિકારી પરિણામ જ તેની નિર્મળ પરિણતિના વૈરી છે. જ્ઞાનને અનુસરીને નિર્મળ શ્રદ્ધા-જ્ઞાનનું થવું તે આત્માની નિર્મળ વીતરાગી પર્યાય છે. આ વીતરાગી પર્યાયમાં વીતરાગપ્રભુ આત્મા અનુભવવામાં આવે છે. આ અનુભૂતિ તે જ સંવર અને નિર્જરા છે અને રાગ-દ્વેષ ભાવ થાય છે તે સંવર-નિર્જરાને રોકનારાં ભાવ છે. તેને જ આસ્રવ અને બંધ કહેવાય છે. પોતાના વિકારી પરિણામ જ પોતાની નિર્મળ પરિણામને રોકે છે બીજું કોઈ કર્મ કે પરદ્રવ્ય આત્માના નિર્મળ ભાવને રોકતું નથી.

અરાગીપર્યાયની વૈરી રાગ પર્યાય છે. આવા રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિ શત્રુને નાશ કરવા માટે ઉપાય શું છે ?—તો કહે છે રાગ-દ્વેષ તો એક સમયના પરિણામ છે તેના ઉપરથી લક્ષ હટાવી ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય ઉપર લક્ષ કરતાં જે નિર્મળ અનુભૂતિ થાય છે તે રાગ-દ્વેષનો નાશ કરે છે.

જેમ વાદળના અભાવથી આકાશમાં હજારો કિરણોથી પ્રકાશતો સૂર્ય દેખાય છે તેમ, રાગ-દ્વેષના વિકલ્પોનો અભાવ થવાથી જે નિર્મળ પરિણતિ પ્રગટ થાય છે તેમાં અનંતગુણના કિરણોથી પ્રકાશતો ચૈતન્યસૂર્ય શ્રદ્ધાય છે, જણાય છે, દેખાય છે, અનુભવાય છે.

શ્રોતા—તો રાગ-દ્વેષ એ જ જીવનો દોષ છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી—જીવ પોતાના પૂર્ણ સ્વરૂપ ઉપર નજર કરતો નથી અને વિકાર અને સંયોગ ઉપર નજર કરે છે તે જીવનો મિથ્યાત્વનો દોષ છે. ચૈતન્યના મહાન અસ્તિત્વને સ્વીકારતો નથી અને શુભ-અશુભ રાગ અને સંયોગોનું અસ્તિત્વ તે મારું અસ્તિત્વ છે એમ સ્વીકારે છે એ જ જીવનો 'મિથ્યાત્વ' નામનો મહાદોષ છે.

મારી વસ્તુ પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવો સ્વીકાર થતાં—દૃષ્ટિ પ્રગટ થતાં રાગ-દ્વેષ અને સંયોગબુદ્ધિ હતી તે છૂટી જાય છે-મિથ્યાત્વ ટળી જાય છે અને સમ્યક્ જ્ઞાનના નિર્મળ પ્રકાશમાં ચૈતન્યસૂર્ય પ્રકાશે છે. નિર્મળ ચિત્ત એટલે જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્મા પ્રકાશિત થાય છે.

અજ્ઞાન અંધકારમાં અનંત ગુણના કિરણથી શોભતો ભગવાન આત્મા દેખાતો નથી, એક તરફ પડયો રહે છે અને વર્તમાનમાં શુભ-અશુભભાવ છે તેનો જ સ્વીકાર થાય છે કે આ હું છું. એ જ મિથ્યાત્વ છે, મિથ્યાત્વ પણ વર્તમાન પર્યાયમાં છે. હવે આ વર્તમાન પર્યાયમાં અખંડ જ્ઞાનપિંડની સન્મુખ થઈને તેના શ્રદ્ધા-જ્ઞાન કરે

તો એ પણ વર્તમાનમાં જ થાય છે. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા જણાવા લાગે છે, વર્તમાનમાં જ તેની પ્રતીતિ આવે છે.

ભાઈ! આ તારી વર્તમાનની વાત છે. પુણ્ય-પાપના ભાવ કે જે વસ્તુના સ્વરૂપમાં નથી, અભૂતાર્થ છે તેને જ પોતાનું અસ્તિત્વ માનીને તું દુઃખને વેદી રહ્યો છો. હવે જો તું એ પુણ્ય-પાપાદિ વિકારથી વિમુખ થઈને તેનાથી વિરૂદ્ધ એવા નિર્મળ રાગાદિ રહિત પરિણામમાં પરમાત્માને શ્રદ્ધામાં લે તો તને વર્તમાનમાં જ આનંદનો અનુભવ થાય. મિથ્યાત્વભાવમાં રાગ-દ્વેષ જેટલો જ પોતાને માને છે તેથી દુઃખ થાય છે. વાસ્તવમાં પોતે તો પૂર્ણ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે તેને જો જ્ઞાનમાં ગ્રહણ કરે તો જ્ઞાનની દશા નિર્મળ થાય. તે મેલ વિનાની નિર્મળ દશામાં ચૈતન્યસૂર્ય દેખાય અને સુખરૂપ પરિણતિ પ્રગટ થાય.

આત્મા એક જ્ઞાનગુણવાળો જ નથી. આત્મા તો અનંતગુણમય છે. એ અનંતગુણના કિરણવાળો એટલે અનંતગુણના સ્વભાવવાળા આત્માને જ્ઞાનમાં જાણતાં અનંતગુણના અંશ એટલે પર્યાય પ્રગટ થાય છે. અનંતગુણની અનંતપર્યાય પ્રગટ થાય છે.

પર્યાયમાં આખું વીતરાગ દ્રવ્ય ભાસે ત્યારે તે પર્યાયને વીતરાગી પર્યાય કહેવામાં આવે છે.

વાદળા દૂર થતાં જે સૂર્ય પ્રકાશે છે તેમાં તો હજાર કિરણો જ છે પણ આ ચૈતન્યસૂર્યમાં તો અનંતા કિરણો છે એટલે કે અનંત ગુણરૂપી શક્તિ પડી છે તેની શ્રદ્ધા અને જ્ઞાન કરતાં તે અનંતા ગુણની નિર્મળતા લેતું પ્રગટ થાય છે.

બોલો! મુંબઈમાં કે પરદેશમાં આ કાંઈ મળે ખરું! ત્યાં તો પૈસા, મકાન, ફર્નિચર આદિ ધૂળ મળે... એ કાંઈ આત્માને મળતું નથી. આત્માને તો તેની મમતા મળે છે, તેનાથી આત્મા દુઃખી થાય છે. બાકી શરીર કે પૈસા આદિ તો આત્માને અડતાં પણ નથી. તેને તો આ પૈસાદિ મારાં છે અને આનંદકંદ ચૈતન્ય મારો નહિ એવી મિથ્યાશ્રદ્ધા સ્પર્શે છે—અડે છે—થાય છે.

ભગવાન આત્મા પરમાં તો રહેતો નથી પણ પરભાવ એટલે શુભાશુભ વિકલ્પમાં પણ આત્મા રહેતો નથી. આમા તો અસંખ્યપ્રદેશી પોતાના સ્વક્ષેત્રમાં રહે છે. આત્મા તો અનંતગુણથી ઓપતો ચૈતન્યસૂર્ય છે. સતસ્વરૂપ પ્રભુ છે. જે જ્ઞાનમાં આવો આત્મા જણાય છે તે જ્ઞાનને અનુભૂતિ કહેવામાં આવે છે.

જ્ઞાનમૂર્તિ ભગવાનનો અંતરમાં શ્રદ્ધા-જ્ઞાન દ્વારા સ્વીકાર આવ્યો તેને એ શ્રદ્ધા-જ્ઞાન કાયમ ટકી રહે છે. તેથી સંવર અને નિર્જરા પણ ચાલુ જ રહે છે;

ભગવાન આત્મા એવો ને એવો ટકી રહે છે તેમ તેની શ્રદ્ધા-જ્ઞાન પણ ટકી રહે છે. તેથી સંવર અને નિર્જરા પણ કાયમ તેની સાથે જ રહે છે. વીતરાગ સ્વભાવના અવલંબનથી જેટલી વીતરાગતા પ્રગટી તે સદાય જીવની સાથે જ રહે છે.

આ ૧૧૯ ગાથા થઈ. હવે ૧૨૦ ગાથામાં આચાર્યદેવ કહે છે કે, જેમ મેલા દર્પણમાં રૂપ દેખાતું નથી તેમ, રાગાદિથી મલિન ચિત્તમાં શુદ્ધ આત્મસ્વરૂપ દેખાતું નથી.

राएँ रंगिए हियवडए देउ ण दीसइ संतु ।
दप्पणि मइलए बिंबु जिम एहउ जाणि णिभंतु ॥ १२० ॥

અર્થ :— રાગથી રંજિત મનમાં રાગાદિ રહિત આત્મદેવ દેખાતા નથી, જેમ મેલા દર્પણમાં મુખ દેખાતું નથી તેની જેમ. આ વાત હે પ્રભાકર ભટ્ટ! તું સંદેહ રહિત જાણ!

પુણ્ય-પાપથી મલિન ચિત્તમાં નિર્મળાનંદ પ્રભુનો પ્રકાશ ક્યાંથી દેખાય! પ્રભુ એટલે આત્મા પોતે, અહીં બીજા પ્રભુની વાત નથી. ચૈતન્ય પોતે જ દેવ છે, રાગની એકતાથી રંગાયેલા ચિત્તમાં વીતરાગી ચૈતન્યના દર્શન ક્યાંથી થાય! ન જ થાય. જેમ દર્પણ મેલું હોય તો તેમાં મુખ દેખાતું નથી તેમ જેનું હૃદય રાગરૂપી મેલથી મેલું છે તેને નિર્મળ એવો આત્મા રાગમાં દેખાતો નથી. એમ નિઃશંક સમજો. સંદેહ રહિત નક્કી કર કે રાગથી મલિન મનમાં આત્મા દેખાય જ નહિ અને રાગથી રહિત નિર્મળ મનમાં ભગવાન આત્મા દેખાયા વિના રહે જ નહિ એમ નિર્ભ્રાંત થા.

ભાવાર્થ:—યોગીન્દ્રદેવ એમ ઉપદેશે છે કે જેમ સહસ્ત્ર કિરણોથી શોભિત સૂર્ય આકાશમાં પ્રત્યક્ષ દેખાય છે પરંતુ મેઘસમૂહથી ઢંકાયેલાં આકાશમાં સૂર્ય દેખાતો નથી તેમ, કેવળજ્ઞાનાદિ અનંત ગુણરૂપ કિરણોથી લોકાલોકને પ્રકાશવાવાળો ચૈતન્યસૂર્ય આ દેહરૂપી ઘટમાં શક્તિરૂપે બિરાજમાન હોવા છતાં કામ-ક્રોધાદિ રાગ-દ્વેષ ભાવોસ્વરૂપ વિકલ્પજાળરૂપ વાદળોથી ઢંકાયેલો હોવાથી દેખાતો નથી.

ભગવાન આત્મા તો સ્વભાવથી જ જાણનાર-દેખનાર છે તેથી લોકાલોક હો કે ગમે તે હો તે જ્ઞાનમાં જણાય જ. આ તો જ્ઞેયનું માપ બતાવ્યું કે ત્રણ કાળ ત્રણલોક-રૂપ જ્ઞેયને આત્મા એક સમયમાં જ્ઞાનમાં જાણી લે એવો જ જ્ઞાનનો સ્વભાવ છે. આવો સ્વભાવવાન આત્મા ક્યારે છે અને ક્યાં છે? — કે ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા અત્યારે જ આ દેહરૂપી ઘટમાં બિરાજે છે-વિદ્યમાન જ છે. દેહમાં પણ દેહથી તદ્દન ભિન્ન... તદ્દન ભિન્ન ભગવાન અંદરમાં બિરાજે છે તેમાં વર્તમાનમાં કેવળ-

જ્ઞાનની પર્યાય પ્રગટરૂપ નથી પણ કેવળજ્ઞાન થાય એવી શક્તિ અત્યારે જ અંદરમાં રહેલી છે.

જેમ અબરખમાં હજારપૂટ થવાનું સામર્થ્ય છે તેમ, આત્મામાં અનંત જ્ઞાન, આનંદ; અનંત વીર્યનું સામર્થ્ય રહેલું છે. આવો નિજશુદ્ધાત્મરૂપ પરમ જ્યોતિ ચિદ્રૂપ સૂર્ય સાક્ષાત્ અસ્તિ ધરાવતો હોવા છતાં બહિર્મુખી લાગણીના મેલમાં આ ભગવાન દેખાતો નથી.

જુઓ! કેવળજ્ઞાનાવરણી પ્રકૃતિના કારણે જ્ઞાનસૂર્ય દેખાતો નથી એમ ન કહ્યું, પણ પોતે જ ઊંધો પડ્યો છે તેથી વિકારની એકાગ્રતામાં જ્ઞાનસૂર્ય દેખાતો નથી. વાદળામાં સૂર્ય દેખાતો નથી તેમ રાગાદિ વિકારની એકાગ્રતામાં ભગવાન સૂર્યના દર્શન થતાં નથી તો કોઈ એમ કહે કે આત્મા દેખાય કે ન દેખાય પણ અમારે તો ધર્મ કરવો છે... ભાઈ! આત્માને દેખવો તે જ ધર્મ છે. અખંડાનંદ પ્રભુ આત્મા રાગમાં એકાકાર થઈને રહે છે એ જ તેની અધર્મદશા છે. અધર્મ ક્યાંય બહારમાં હોતો નથી. અનંત ગુણના પુંજને દૃષ્ટિમાં ન લેતાં, એકલા રાગ-દ્વેષમાં એકાકાર થઈને રહેવું એ જ તેની અધર્મદશા છે. હવે જો તેને ધર્મ કરવો હોય તો રાગની એકાકારતા છોડીને ત્રિકાળી જ્ઞાનાનંદ ભગવાનમાં એકતાબુદ્ધિ કરતાં તેને નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ થાય તેને 'ધર્મ' કહેવામાં આવે છે.

કેવલિ પ્રરૂપિત ધર્મ જ શરણ છે, મંગલ છે અને ઉત્તમ છે એમ રોજ માંગલિક બોલી જવાથી માંગલિક થતું નથી. કેવલિ પ્રરૂપિત ધર્મ શું છે તેને પહેલાં જાણ તો ખરો! પણ અજ્ઞાનીને એ કાંઈ જાણવું નથી તેને તો સવારમાં માંગલિક બોલીને દુકાન ખોલીએ તો દુકાન સારી ચાલે, ઘરમાં બધી અનુકૂળતા રહે એવી આશાઓ પડી હોય છે. આ બધા મિથ્યાશ્રદ્ધાના લક્ષણ છે. આ મળે તે મળે એવી ભાવના છે પણ ભગવાન કેમ મળે તેની ખબર નથી અને તેની ભાવના પણ નથી.

અનંતગુણનો પિંડ આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જેવો જોયો છે તેવો શ્રદ્ધામાં લેવો, તેમાં એકતા કરવી અને પુણ્ય-પાપની એકતા તોડવી તેનું નામ ધર્મ છે. તે વીતરાગી પર્યાય છે. વીતરાગ સ્વભાવ જે જ્ઞાનમાં જણાયો તે જ્ઞાન ધર્મ છે. જે શ્રદ્ધામાં આત્મા પ્રતીતમાં આવ્યો તે શ્રદ્ધા સમ્યગ્દર્શનરૂપ ધર્મ છે અને જેટલાં અંશે આત્મામાં ઠર્યો એટલા અંશે તે ચારિત્રરૂપ ધર્મ છે. કેવળી પણ્ણતો ધમ્મો આ છે. સંપ્રદાયમાં આ વાત જ નથી. ગાડી પાટેથી ઉતરી ગઈ છે અને ગાડી ચાલે છે એમ માને છે પણ ચાલીને ક્યાં જાય છે એ જો તો ખરો! દિશા બદલાવવાની જરૂર છે તેની તો તેને ખબર નથી.

યોગીન્દ્રદેવ પણ મહાન સંત થઈ ગયા, છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતાં ઝૂલતાં વિકલ્પ આવ્યો અને આવા શાસ્ત્રો લખાઈ ગયા છે. આગળ ૧૨૨મી ગાથામાં તેમને ભગવાન યોગીન્દ્રદેવ કહ્યા છે.

હંસ ક્યાં વસે છે! – કે માનસરોવરમાં. તેમ ભગવાન આત્મા ક્યાં વસે છે! — કે નિર્મળ જ્ઞાનપર્યાયમાં ભગવાન આત્મા વસે છે. હંસ કોઈ નદી કે દરિયામાં વસતા નથી એ તો જ્યાં મોતી પાકતા હોય એવા માનસરોવરમાં જ વસે છે કેમ કે હંસને મોતીનો ચારો જ જોઈએ છે તે કાંઈ જુવાર કે બાજરાના ચારા ચરતાં નથી. રેતી અને દાણાને જુદા પાડી હંસ મોતીને જ મોઢામાં લે છે. તેની ચાંચમાં જ મોતી ઓગળીને પેટમાં જાય છે. તેમ ધર્મી રૂપી હંસલા ચૈતન્યના માનસરોવરમાં જ વસે છે કે જ્યાં શાંતિ અને આનંદનું વેદન થાય છે. સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન દ્વારા ધર્મી આવા માનસરોવરના મોતીને ચરે છે. ધર્મી પુણ્ય-પાપના ચારાને ચરતાં નથી.

અજ્ઞાનરૂપી કાગડાં માંસ જેવા પાપના ચારાં ચરે છે. પરમાનંદની મૂર્તિની શ્રદ્ધા-જ્ઞાનના ચારાને છોડી પુણ્ય-પાપને સેવે છે. રાતના છાણ પડ્યું હોય તેમાં જીવાંત થઈ ગઈ હોય તેને કાગડા સવારે ચાંચથી અંદરથી જીવડા ગોતીને ખાતા હોય છે તેમ પૂર્ણાનંદ અને શાંતિના સરોવરની શ્રદ્ધા છોડીને અજ્ઞાની એકલાં પુણ્ય-પાપ અને શરીર તે જ હું એવી મિથ્યા માન્યતાના ભાવમાં અજ્ઞાનીને એકલાં રાગ-દ્વેષનો જ ખોરાક હોય છે.

અહીં કહે છે કે કામ-ક્રોધાદિ અને રાગ-દ્વેષાદિ વિકલ્પ જાળોથી ઢંકાયેલો આત્મા દેખાતો નથી. પરમાત્મા હાજરાહજૂર બિરાજે છે છતાં વિકલ્પની આડમાં તે દેખાતો નથી તેને વિકલ્પની મમતા તોડીને સમ્યક્-શ્રદ્ધા-જ્ઞાનમાં દેખવો તેનું નામ જ ધર્મ છે. વીતરાગ માર્ગમાં આ સિવાય બીજો કોઈ ધર્મ નથી.

અરે! એને એમ થાય છે કે આમાં વ્યવહારનો લોપ થાય છે પણ બાપુ! વ્યવહારનો લોપ થશે તો જ નિશ્ચય પ્રગટશે. નિશ્ચય પ્રગટ્યા વિના તેને વ્યવહાર કહેવાતો પણ નથી. વ્યવહાર ઘટતો જાય અને સ્થિરતા વધતી જાય ત્યારે જ ધર્મની વૃદ્ધિ થાય છે. પણ અરે! જગતને પીરસણા મળ્યાં ઘણાં પણ ઊંધા મળ્યાં તેથી સત્ય વસ્તુ શું છે એ દૃષ્ટિમાં આવવી મુશ્કેલ પડે છે.

મેઘથી ઢંકાયેલો સૂર્ય દેખાતો નથી તેમ, રાગાદિથી મલિન ચિત્તમાં ભગવાન આત્મા દેખાતો જ નથી. જો રાગમાંથી એકતા તોડે અને ભગવાન આત્મામાં આદર-પૂર્વક એકતા કરે તો પ્રભુના દર્શન થાય, શ્રદ્ધામાં આખો જ્ઞાનસૂર્ય આવી જાય અને જ્ઞાનમાં પણ આત્મા આવો છે એવું જ્ઞાન થઈ જાય છે. આવી શ્રદ્ધા-જ્ઞાનની પર્યાયને

ધર્મ કહે છે. એ સિવાય સામાયિક લઈને બેસી જવું કે પોષા કરવા કે ૯૯ જાત્રા કરવી એ કોઈ ધર્મ નથી તેમાં તો શુભભાવ હોય એટલું પુણ્ય બંધાય પણ સંવર-નિર્જરા ન થાય. જે પુણ્ય-પાપથી રહિત સંબંધ સ્વરૂપ ભગવાનને લક્ષમાં લે તેને રાગરહિત શ્રદ્ધા-જ્ઞાન થાય છે તે જીવ જ્યારે સ્વરૂપમાં સ્થિર થાય ત્યારે તેને સામાયિક કહેવાય છે. જેને હજુ વિષયોનો રસ છે-તેમાં જ લીન છે તેને તો નિજ-પરમાત્માના દર્શન પણ થતાં નથી એ વાત હવે ૧૨૧મી ગાથામાં કહે છે.

जसु हरिणच्छी हियवडए तसु णवि बंभु वियारि ।
एक्कहि केम समंति वढ बे खंडा पडियारी ॥ १२१ ॥

અર્થ :— જે પુરુષના ચિત્તમાં મૃગના સમાન નેત્રવાળી સ્ત્રી વસી રહી છે તેને પોતાના શુદ્ધાત્માનો વિચાર હોતો નથી. એમ હે પ્રભાકર ભટ્ટ! તું તારાં મનમાં વિચાર કર. એક મ્યાનમાં બે તલવાર રહી શકે જ નહિ.

જગતમાં અજ્ઞાનીઓને સ્ત્રીનો પ્રેમ વિશેષ હોય છે તેથી આચાર્યદેવ આ વિષયનું નામ લઈને કહ્યું છે. ભગવાન આત્માનો ભોગ લેવાનું છોડીને એકલા સ્ત્રીના ભોગની આસક્તિમાં એકાકાર થઈને પડ્યો હોય તેને એ આસક્તિના અંધકારમાં ચૈતન્ય ક્યાંથી દેખાય! જેના હૃદયમાં સ્ત્રીઓ અને રાગ વસ્યો છે તેને ભગવાન આત્માનો વિચાર પણ આવતો નથી તે આત્માને વિષય તો ક્યાંથી બનાવે! વિષય બનાવવો એટલે કે આત્માને લક્ષમાં લેવો એ કામ અજ્ઞાની-વિષયીથી થઈ શકતું નથી.

પ્રશ્ન થાય કે સમ્યગ્દષ્ટિને પણ સ્ત્રી તો હોય છે ને!— હા. સ્ત્રી હોય છે પણ તેની દૃષ્ટિમાં સ્ત્રી વસી નથી, તેના જ્ઞાનમાં રાગ વસ્યો નથી, તેની દૃષ્ટિ અને જ્ઞાનમાં તો ભગવાન વસેલાં છે. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી ૯૬,૦૦૦ રાણીના વૃંદમાં બેઠા હોય પણ તેના હૃદયમાં સ્ત્રી વસેલી નથી અને સ્ત્રી પ્રત્યેનો અશુભરાગ છે પણ તેમાં એ પોતાનું અસ્તિત્વ માનતો નથી. જેને અતીન્દ્રિય આનંદના સ્વાદ આવ્યા છે તેને વિષયોમાં સ્વાદ ક્યાંથી આવે! સમ્યગ્દષ્ટિના જ્ઞાનમાં ચૈતન્ય ભાસ્યો છે એટલું જ નહિ પણ, અનાકુળ આનંદના સ્વાદ સહિત ચૈતન્યનું જ્ઞાન થયું છે. એ અતીન્દ્રિય સ્વાદના લોલુપી સમ્યગ્દષ્ટિને સ્ત્રી આદિ વિષયોમાં લોલુપતા ન હોય. તેનો અર્થ એવો નથી કે સ્ત્રીને છોડી દે પણ સ્ત્રી હોવા છતાં તેને વિષયની વાસનાનો પ્રેમ ન હોય.

જેને સ્ત્રી આદિ વિષયો પ્રત્યેની વાસનાનો પ્રેમ છે તેને નિર્વિકારી ભગવાન

આત્માનો અને તેના અનાકુળ આનંદનો પ્રેમ નથી અને જેણે ભગવાન પૂર્ણ અનાકુળ આનંદના નાથને જ્ઞેય બનાવ્યો છે તેના હૃદયમાં તો એ નાથ વસે છે. તેને વિષયોનો પ્રેમ હોતો નથી.

જેના જ્ઞાનમાં આત્મા વસ્યો છે તેને રાગના ભોગકાળે પણ શ્રદ્ધા-જ્ઞાનમાંથી આત્મા ખસતો નથી. અને અજ્ઞાની કદાચ ધર્મના નામે બાહ્યક્રિયા કરવામાં પડયો હોય પણ તેવા જ્ઞાનમાં એક ક્ષણ પણ ભગવાન આત્મા વસ્યો નથી. તેના જ્ઞાનમાં તો વિકલ્પ અને રાગ જ વસેલાં છે.

જે ભોગની આસક્તિમાં અર્પાઈ ગયો છે તેના શ્રદ્ધા જ્ઞાનમાં વીતરાગ ચિદાનંદ સ્વરૂપ કેવી રીતે આવે! હજારો રાણીઓને છોડીને બેઠો હોય પણ જેના રાગમાં વિષય વસેલો છે તેના રાગમાં સ્ત્રી વસેલી છે. ભગવાન આત્મા તેના રાગમાં ન આવે. એ તો રાગથી પૃથક્ થઈને અરાગી શ્રદ્ધા-જ્ઞાનમાં આત્માને વસાવે તો એ નિર્મળ જ્ઞાનમાં ભગવાન આવે, રાગમાં ભગવાન કદી ન આવે.

રાગનો પણ આદર હોય અને ચૈતન્યનો પણ આદર હોય એમ બે જાતનો રાગ એક સાથે રહી શકતો નથી. જેમ એક મ્યાનમાં બે તલવાર સમાતી નથી તેમ રાગની રુચિમાં રોકાયેલાને ભગવાન આત્માની રુચિ તો નહિ થાય પણ તેનો વિચાર સુદ્ધાં આવતો નથી.

આમ હે પ્રભાકર ભટ્ટ તું વિચાર કર! બહુ ખેદની વાત છે કે એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી. જ્યાં ભગવાન વસે ત્યાં રાગ કેમ હોય! અને જ્યાં રાગ વસ્યો છે ત્યાં ભગવાન કેમ હોય!

આ સમ્યગ્દષ્ટિથી માંડીને બધાં જ્ઞાનીની વાત છે. ચોથા ગુણસ્થાનથી જ જ્ઞાનીના જ્ઞાનમાં આત્મા વસી જાય છે તેને રાગાદિ ભાવ થાય છે પણ તે દૃષ્ટિમાં વસતાં નથી. કેમ કે તેની દૃષ્ટિમાં રાગને રહેવા માટે સ્થાન જ હોતું નથી. દૃષ્ટિમાં એક પૂર્ણાનંદના નાથનું જ સ્થાન છે. રાગના પ્રેમમાં આત્મા વસતો નથી અને આત્માના પ્રેમમાં રાગ વસતો નથી.

આમ કહીને, આચાર્યદેવે ભગવાન આત્માની પ્રાપ્તિનું માહાત્મ્ય બતાવ્યું છે. અંતર્દૃષ્ટિ થતાં જ રાગનો પ્રેમ છૂટી જાય છે. [ ક્રમશઃ ]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ બારપ્રકારના તપના વ્યાખ્યાન ચાલે છે.

रत्नत्रययुक्तानां अनुकूलं यः चरति भक्त्या ।
भृत्यः यथा राज्ञां उपचारः सः भवेत् विनयः ॥ ४५८ ॥

અર્થ:—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયના ધારક મુનિજનોને અનુકૂળ ભક્તિપૂર્વક આચરણ કરે, જેમ રાજાનો નોકર રાજાને અનુકૂળ પ્રવર્તે છે તેમ, તે ઉપચાર-વિનય છે.

ભાવાર્થ:—જેમ રાજાના ચાકર-કિંકરલોક રાજાને અનુકૂળ પ્રવર્તે છે તેની આજ્ઞા માન્ય કરે છે. તેના હુકમ પ્રમાણે વર્તે છે તેને પ્રત્યક્ષ જોઈ ઊઠી ઊભા થવું—સન્મુખ જવું—હાથ જોડવા—પ્રણામ કરવા—તે ચાલે ત્યારે તેની પાછળ થઈ ચાલવું અને તેના પોષાકાદિ ઉપકરણ સંભાળવા ( એ આદિ જેમ તે ચાકર કરે છે ) તેમ જ મુનિજનોની ભક્તિ, તેમનો વિનય, તેમની આજ્ઞાનું પાલન, તેમને પ્રત્યક્ષ જોઈ ઊભા થઈ સન્મુખ જવું, હાથ જોડવા, પ્રણામ કરવા, તે ચાલે ત્યારે પાછળ થઈ ચાલવું તથા તેમના ઉપકરણ સંભાળવા ઇત્યાદિક તેમનો વિનય કરવો તે ઉપચારવિનય છે.

આત્માના ભાનપૂર્વક છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલતાં એવા કુંદકુંદાચાર્ય આદિ થઈ ગયા અને એવા મુનિઓ અત્યારે મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. એમનો વિનય કરવો એમને અનુકૂળ વર્તવું એમની ભક્તિ કરવી એમનો આદર કરવો તે ઉપચાર વિનય છે.

જેમ રાજાના નોકરો રાજાને અનુકૂળ વર્તે છે, એની સેવા કરે છે, તેની આજ્ઞા પાળે છે. એ પ્રમાણે ગુરુની સેવા-ભક્તિ કરવી તે વિનયતપ છે. શ્રીમદે સત્સૂત્રોનાં નામ લખ્યા તેમાં મોક્ષમાર્ગપ્રકાશકને પણ સત્સૂત્ર તરીકે કહેલ છે. હવે મોક્ષમાર્ગ પ્રકાશકના પાંચમા અધ્યાયમાં શ્વેતાંબર સ્થાનકવાસી આદિને અન્યમતમાં નાખ્યા છે. એટલે ખરેખર જૈન નથી છતાં તેણે કહેલાં દેવ-શાસ્ત્ર-ગુરુને માને તે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને માનતો નથી. અને શ્રીમદે તો નિષેધ કર્યો હોવા છતાં એ જ માનવા તે શ્રીમદ્‌નો પણ અનાદર કરે છે એટલે કે ખરેખર શ્રીમદ્‌ને પણ તે માનતો નથી. મુનિનું સ્વરૂપ નગ્નદિગંબર જ છે. તેમણે જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે માનવું તે વ્યવહારવિનય છે.

નિશ્ચયવિનયવાળાને આવો વ્યવહારવિનય હોય જ છે. લોકો વ્યવહાર વિનયને પણ સમજતા નથી. જેની પાસેથી જ્ઞાન મળ્યું હોય એનો વિનય કરે નહીં તો તે ઉપચાર-વિનયને પણ સમજતો નથી. તેથી તેને નિશ્ચયવિનય તો છે નહીં.

પ્રશ્ન :— અત્યારે સાચા મુનિઓ દેખાતા નથી તો શું કરવું ?

સમાધાન:—તેમની પરોક્ષ ભક્તિ કરવી, સર્વજ્ઞદેવની વાણી અનુસાર કુંદકુંદ આચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી, સમન્તભદ્રઆચાર્ય આદિ મહાન આચાર્યો કે જેમણે શાસ્ત્રની રચના કરી ધર્મને ટકાવ્યો છે, તેમ જ જેઓ ધર્મના થાંભલા છે તેઓની ભક્તિ-પ્રશંસા-બહુમાન કરવા ને તેમનો ઉપકાર ગાવો.

આવા મુનિથી વિરુદ્ધ મુનિનું સ્વરૂપ બતાવનારની જે ભક્તિ કરે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. જે સર્વજ્ઞની વાણીથી એક અક્ષર પણ આઘોપાછો કરે તે મિથ્યાદૃષ્ટિ છે ને પોતાના ગુરુ તથા શાસ્ત્ર કે જેની પાસેથી જાણ્યું છે તેનો વિનય ન કરે ને તેનું નામ ગોપવે તે મોટો ચોર છે. તે જ્ઞાનમાં દોષ કરે છે. વ્યવહાર વિનયમાં આઠ પ્રકારના જ્ઞાનના દોષ ટાળવા જોઈએ, તે બાબત કુંદકુંદાચાર્ય અથવા વટકેસ્વામીકૃત મૂલાચાર ગાથા ૧૦૫ પાનું ૧૯૨માં કહ્યું છે કે—

कुलवय शील विहिणे सूतत्थं सम्ममागमित्ताय ।

कुलवय शील महल्ले णिण्हव दोसो हु जप्प तो ॥ १०५ ॥

જ્ઞાન થવામાં જે શાસ્ત્રનું નિમિત્ત હોય તેનું નિમિત્ત ન માનતા બીજા શાસ્ત્રથી પામ્યો એમ કહેનાર મોટો ચોર છે. અહીં ત્રણ પ્રકારે વાત કરે છે.

જેની કુળ-પરંપરા સત્ય નથી તે કુળ વિહીન છે. જેની પરંપરામાં સાચા દેવ, શાસ્ત્ર, ગુરુ નિમિત્તરૂપે નથી, જેની ચારિત્રદશા સાચી નથી તે કુળ વિહીન જાણવા. સાચું ચારિત્ર તો નિર્ગ્રંથ મુનિઓમાં છે, આત્માના ભાનપૂર્વક યથાર્થ વ્રત અને તપ હોય છે તેવા ચારિત્રની પરંપરા જેમાં નથી તે કુળ હીન જાણવા. તેવા કુળ હીનમાં હોવા છતાં મને સાચા ગુરુની વાત મળી છે એમ કહેવું તે દોષ છે, મિથ્યાદૃષ્ટિ છે.

તીર્થંકર, ગણધરો તથા સપ્તઋદ્ધિધારી સંયમીઓ ઊંચા કુળના ગણાય છે. તે સિવાયના સાધારણ મુનિઓ હલકા કહેવાય છે. સાધારણ મુનિ પાસે ભણવા છતાં એમ કહેવું કે હું કુળ, વ્રત, શીલવાન તીર્થંકર, ગણધરાદિ પાસે ભણ્યો છું તે નિહ્નવ દોષ છે.

સર્વજ્ઞની પરંપરાથી જે શાસ્ત્રો રચાયેલાં છે તે શાસ્ત્રોના નિમિત્તે જ્ઞાન થવા

છતાં મારી મેળે જ્ઞાન થયું છે ને શાસ્ત્રો મને મળ્યા જ નથી એમ કહેવું તે શાસ્ત્રનો નિહ્નવ દોષ છે ને જે ગુરુનું નિમિત્ત છે તેને છુપાવે તે ગુરુનો ચોર છે.

વળી જિનેન્દ્રની આજ્ઞા અનુસારનાં શાસ્ત્રોના નિમિત્તે જ્ઞાન થવા છતાં મને તે શાસ્ત્રોના નિમિત્તે જ્ઞાન થયું નથી પણ નૈયાયિકો તથા બીજા અજ્ઞાનીના બનાવેલાં શાસ્ત્રોથી બોધ થયો છે એમ કહેવું તે પણ ચોર છે. વર્તમાનમાં આત્માના નામે ખૂબ વાતો ચાલે છે. અત્રેથી સત્યવાત બહાર આવી એટલે તેની નકલ કરવા માંડયા છે. જેની કુળ-પરંપરા, સાધુપણું. ચારિત્ર-પરંપરા સાચી નથી ને કોઈકની વાતો લઈને આત્માની વાતો કરે છે તે મોટો ચોર છે, તે વ્યવહારનો પણ ચોર છે, નિશ્ચયનો ચોર તો છે જ.

વળી કોઈ જે સાચા મુનિ પાસે ભણીને લોક પૂજા, આબરૂ વગેરે માટે ને જગતમાં બતાવવા માટે તેનો ઉપયોગ કરે તે મિથ્યાદૃષ્ટિ છે.

સમાનતાવાળા મુનિ પાસે ભણીને કહે કે હું તીર્થંકરદેવ પાસે ભણ્યો છું તે પણ જ્ઞાનનો ચોર વ્યવહારે છે. જે વ્યવહારે ચોર છે તે નિશ્ચય ચોર તો છે જ.

આ પ્રમાણે યથાર્થ સ્વરૂપ સમજી જે દેવ-શાસ્ત્ર-ગુરુના નિમિત્તે પોતાને જ્ઞાન થયું હોય તેનું નામ નહીં ગોપવતાં તેમનો ઉપકાર. મહિમા ને પ્રશંસા કરવા જોઈએ તે બાહ્ય વિનય તપનું અંગ છે.

મુનિના સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ, જેની પરંપરામાં ચારિત્ર રહેલું છે તે સાચા મુનિ છે, તેવા મુનિઓના વિનયની વાત ચાલે છે. તેમને પ્રત્યક્ષ જોઈ ઊભા થઈ સન્મુખ જવું, હાથ જોડવા, પ્રણામ કરવા, જોકે હાથ જોડવા આદિની ક્રિયા તો જડની છે ને તેને આત્મા કરી શકતો નથી. પણ તેની પાછળ ચૈતન્યનો જે ઉત્સાહ વર્તે છે તે વિનય છે ને જ્યાં આવો ઉત્સાહ વર્તે છે ત્યાં વ્યવહાર વિનય હોય છે ને તે હોય ત્યાં શરીરની ક્રિયાને લગભગ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. જે જીવને ચૈતન્ય સ્વભાવનું બહુમાન છે તેને મુનિ આદિ ધર્માત્માનું બહુમાન આવ્યા વિના રહેતું નથી, આત્મા પોતે ધર્મી છે ને ધર્મ તેનો સ્વભાવ છે. રત્નકંડશ્રાવકાચારમાં કહ્યું છે કે :— " न धर्मो धार्मिकै विना " ધર્મી વિના ધર્મ હોતો નથી, આત્માના ભાન વિના ધર્મ હોતો નથી ને ધર્મી જીવને ધર્માત્મા પ્રત્યે બહુમાન આવ્યા વિના રહેતું નથી. જેને ધર્મી પ્રત્યે બહુમાન નથી. તેને ધર્મની રુચિ નથી માટે ધર્માત્મા મુનિઓનાં ઉપકરણ સંભાળવા, તેમનો વિનય કરવો તે વગેરે ઉપચાર વિનય છે.

મુનિ નિર્ગ્રંથ દિગમ્બર હોય છે, તેઓએ અનાદિ સનાતન વીતરાગ માર્ગ

ટકાવી રાખ્યો છે. અષ્ટપાહુડમાં લખે છે કે :—વસ્ત્ર સહિત મુનિપણું માને મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે, તે ઉન્માર્ગ છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ અષ્ટપાહુડ, સમયસાર, પંચાસ્તિકાય, મોક્ષમાર્ગપ્રકાશ વગેરેને સત્‌શાસ્ત્ર કહ્યાં છે. તેમાં અષ્ટપાહુડ, મોક્ષમાર્ગપ્રકાશમાં ચોખ્ખું લખ્યું છે કે વસ્ત્ર સહિત મુનિપણું માને તે મિથ્યાદૃષ્ટિ છે. તેના કહેલા દેવ-શાસ્ત્ર-ગુરુનું સ્વરૂપ વિપરીત છે. સનાતન જૈન માર્ગ તો નિર્ગ્રંથ દિગમ્બર મુનિઓનો એક જ છે. દુનિયા માનો કે ન માનો પણ માર્ગ તો એક જ છે.

શ્રોતાઃ— દરિયામાં રહીને મગરમચ્છ સાથે વેર બાંધવું એ કેમ ચાલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી:— કોઈ ઢેઢના મેળામાં વાણિયો જઈ ચડે તો વાણિયો ભ્રમમાં પડતો નથી.

મોક્ષમાર્ગપ્રકાશકમાં પા-૧૯૮માં કહ્યું છે કે :—

निंदन्तु नीति निपुणा यदिवा स्तुवन्तु
लक्ष्मीः समा विशतु गच्छतुं वा यथेष्टम् ।।
अधैव वा मरणमस्तु युगान्तरे वा
न्यायात् पथ प्रविचलंन्ति पद न धीराः ॥

અર્થ:—" કોઈ નિંદે છે તો નિંદો, સ્તુતિ કરે છે તો સ્તુતિ કરો, લક્ષ્મી આવો વા જાઓ, તથા મરણ આજે જ થાઓ વા યુગાંતરે થાઓ ! પરંતુ નીતિમાં નિપુણ પુરુષો ન્યાયમાર્ગથી એક પગલું પણ ચલિત થતા નથી, એવો ન્યાય વિચારી નિંદા-પ્રશંસાદિના ભયથી વા લોભાદિકથી પણ અન્યાયરૂપ મિથ્યાત્વ પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી. અહો ! દેવ-ગુરુ-ધર્મ તો સર્વોત્કૃષ્ટ પદાર્થ છે. એના આધારે તો ધર્મ છે, તેમાં શિથિલતા રાખે તો અન્ય ધર્મ કેવી રીતે થાય ? ઘણું શું કહેવું ? સર્વથા પ્રકારે એ કુદેવ-ગુરુ-ધર્મના ત્યાગી થવું જોઈએ, કારણ કે કુદેવાદિકનો ત્યાગ ન કરવાથી મિથ્યાત્વ ભાવ ઘણો પુષ્ટ થાય છે, અને આ કાળમાં અહીં તેની પ્રવૃત્તિ વિશેષ જોવામાં આવે છે, માટે અહીં તેના નિષેધરૂપ નિરૂપણ કર્યું છે. તેને જાણી મિથ્યાત્વભાવ છોડી પોતાનું કલ્યાણ કરો ! "

આગળ બે ગાથામાં વૈયાવૃત્ય તપ કહે છે :—

जो उवयरदि जदीणं उवसग्गजराइखीणकायाणं ।
पूयादिसु णिरवेक्खं वेज्जावच्चं तवो तस्स ॥ ४५९ ॥

અર્થ:—" કોઈ મુનિ-યતિ ઉપસર્ગથી પીડિત હોય તથા વૃદ્ધાવસ્થા વા

રોગાદિકથી ક્ષીણકાય હોય તેમનો પોતાની ચેષ્ટાથી, ઉપદેશથી તથા અલ્પ વસ્તુથી ઉપકાર કરે તેને વૈયાવૃત્ય નામનું તપ હોય છે, તે કેવી રીતે કરે? પોતે પોતાના પૂજા- મહિમાદિની અપેક્ષા-વાંચ્છા રહિત જેમ બની શકે તેમ કરે ”

કોઈ મુનિને શરીરમાં રોગ હોય, વૃદ્ધાવસ્થા હોય, તેમનો પોતાની ચેષ્ટાથી, ઉપદેશથી, ઉપકાર કરે તે યા વૈયાવૃત્ય તપ છે. મિથ્યાદૃષ્ટિની સેવાની વાત નથી. સાચા ભાવલિંગી સંતની વાત છે. તે પણ પોતાની મહિમા કે વખાણ માટે નહિ તેમ જ પાછળથી શિષ્યની પરંપરા રહે તે માટે પણ નહિ. સંપ્રદાયમાં સાધુ વૈરાગ્યવાળા હોય છે. આખી જિંદગી વૈરાગ્ય પાળે પણ આત્માના ભાન વિના નકામું છે. આ વાત કાને પડવી પણ મુશ્કેલ છે. સંપ્રદાયમાં તો એવી માન્યતા છે કે જીવને બચાવવો તે ધર્મ છે ને દેહની ક્રિયા ભજે તેથી પુણ્ય થાય પણ તે માન્યતા જુઠી છે. માત્ર દ્રવ્યના આશ્રયે જ ધર્મ થાય છે. પર્યાયના આશ્રયે પણ ધર્મ થતો નથી. તે વાત સંપ્રદાયમાં જૂની દીક્ષાવાળાએ પણ સાંભળી નથી, પુણ્ય હોય તો તેને કાને આ વસ્તુસ્વભાવની વાત પડે છે, તેની હા પાડીને શ્રદ્ધા કરે તેની શી વાત? તે તો ધર્મ પામી ભવનો નાશ કરે છે.

ભાવાર્થ:—પોતે નિઃસ્પૃહ બનીને મુનિઓની સેવા કરવી તે વૈયાવૃત્ય છે. દશ પ્રકારના મુનિઓ હોય છે. આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષ્ય, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ અને જેની પ્રશંસા મોટી હોય ને કુળ સારું હોય પુણ્ય પ્રકૃતિએ જબરા હોય તેવા સાધુને મનોજ્ઞ કહે છે. તેમની યથાશક્તિ સેવા કરવી તે વૈયાવૃત્ય છે. આત્માના ભાનવાળા સેવા કરે તો નિર્જરા થાય ને મિથ્યાદૃષ્ટિ સાચા મુનિની સેવા કરે તો ઉત્કૃષ્ટ પુણ્ય બાંધે તો જુગલિયામાં અવતાર મળે.

जो वावरई सरुवे समदमभावम्मि सुद्धिउवजुत्तो।
लोयववहारविरदो वेज्जावच्चं परं तस्स ॥ ४६० ॥

અર્થ:—“ જે મુનિ, શમદમભાવરૂપ પોતાના આત્મસ્વરૂપમાં શુદ્ધોપયોગથી યુક્ત થઈને પ્રવર્તે છે તથા લોક-વ્યવહારરૂપ બાહ્ય વૈયાવૃત્યથી જે વિરક્ત છે તેને ઉત્કૃષ્ટ નિશ્ચય વૈયાવૃત્ય હોય છે ”

અહીં શુદ્ધ વૈયાવૃત્યની વાત કરે છે. જે મુનિ પોતાના આત્મામાં શમ ને દમ ભાવ કરે છે, ઇન્દ્રિયોને દમે છે ને શુદ્ધોપયોગમાં પ્રવર્તે છે. લોકવ્યવહારરૂપ બાહ્ય વૈયાવૃત્યના વિકલ્પથી પર થઈને અંતરમાં રમે છે તેને નિશ્ચય વૈયાવૃત્ય હોય છે.

ભાવાર્થ:— મુનિઓને રાગદ્વેષ રહિત સમતાભાવ પ્રગટયો છે જેમને

અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો સરખા છે, જે મુનિ અતીન્દ્રિય વીતરાગી આત્મસ્વભાવમાં તલ્લીન છે, તેવા મુનિને લોકવ્યવહારરૂપ બાહ્ય વૈયાવૃત્ય હોતો નથી, મુનિના વૈયાવૃત્યના વિકલ્પને પણ લોકવ્યવહાર કહ્યો છે. અહીં શુદ્ધ સ્વરૂપમાં તલ્લીન છે તેવા મુનિની વાત છે. પ્રથમ બાહ્ય વૈયાવૃત્યના વિકલ્પોની વાત કરી ત્યાં પણ બધું ક્રમસર હતું. પણ રાગ વખતે બાહ્ય લક્ષ હતું તેવા ભેદોનું વર્ણન હતું, ક્ષુલ્લક ધર્મદાસજી કહે છે કે:—આત્મા એક ને તપના બાર ભેદો કેવી રીતે હોય? બાર ભેદોના વિચાર કરતાં રાગ થાય છે. આત્મા જ્ઞાતાદૃષ્ટા છે. એમાં એકતા પામે તે નિર્મળ પર્યાયો અનેક હોવા છતાં આત્મા એકતાને પામે છે તે સાચો તપ છે, એવા શુદ્ધોપયોગી મુનિને નિશ્ચય વૈયાવૃત્ય તપ હોય છે.

[ ક્રમશઃ ]

---

## 卐 જૈનદર્શન ધાર્મિક શિક્ષણવર્ગ 卐

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૪મી જન્મજયંતીના અવસર પર, તા. ૧૨-૮-૯૭, મંગળવારથી તા, ૩૧-૮-૯૭, રવિવાર વીસ દિવસના, જૈન અધ્યાત્મવિદ્યાના શિક્ષણેચ્છુક (પુરુષ) મહાનુભાવો માટે, 'જૈનદર્શન ધાર્મિક શિક્ષણવર્ગ' રાખવામાં આવ્યો છે. શિક્ષણેચ્છુક જૈન મહાનુભાવોને સાદર નિમંત્રણ છે.

**સૂચનાઃ**—સમાગત શિક્ષણેચ્છુક માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક છે. પોતાનું બેડિંગ તેમ જ અન્ય આવશ્યક વસ્તુ તથા પ્રવચનસાર, મોક્ષમાર્ગપ્રકાશક, જૈનસિદ્ધાંતપ્રશ્નોત્તરમાળા—પાઠ્યપુસ્તક પોતાની પાસે હોય તો અવશ્ય સાથ લાવવા.

# 卐 વાલી મુનિરાજની કથા 卐

હવે પોતાના ઇષ્ટદેવને વિધિપૂર્વક નમસ્કાર કરીને, તેમના ગુણોનું સ્તવન કરીને, કિહકંધપુરમાં વાનરવંશી રાજા સૂર્યરજની રાણી ચંદ્રમાલિનીને વાલી નામનો અનેક ગુણસંપન્ન પુત્ર થયો તેનું વર્ણન કરીએ છીએ તે હે ભવ્ય! તું સાંભળ! કેવો છે વાલી! સદા ઉપકારી, શીલવાન, પંડિત, પ્રવિણ, ધીર, લક્ષ્મીવાન, શૂરવીર, જ્ઞાની, અનેક કલાસંયુક્ત, સમ્યગ્દૃષ્ટિ મહાબળવાન, રાજનીતિમાં પ્રવીણ, ધૈર્યવાન, દયાર્દ્ર ચિત્તવાળો, વિદ્યાના સમૂહથી ગર્વિત, કાંતિવાન, તેજસ્વી છે.

એવા પુરુષ સંસારમાં વિરલા જ હોય છે જે સમસ્ત અઢી દ્વીપનાં જિનમંદિરોના દર્શનનો પ્રયત્ન કરે. આ જિનમંદિરો અતિ ઉત્કૃષ્ટ પ્રભાવથી મંડિત છે. વાલી ત્રણે કાળ અતિશ્રેષ્ઠ ભક્તિયુક્ત, સંશયરહિત, શ્રદ્ધાળુ, જંબૂદ્વીપનાં સર્વ ચૈત્યાલયોનાં દર્શન કરી આવ્યા છે. તે મહાપરાક્રમી શત્રુઓને જીતનાર, નગરના લોકોનાં નેત્રરૂપી કુમુદીને પ્રફુલ્લિત કરવા માટે ચંદ્રમા સમાન, જેને કોઈની શંકા નથી, કિહકંધપુરમાં દેવ પેઠે રમે છે. કિહકંધપુર મહારમણીય, નાના પ્રકારના રત્નમયી મહેલોથી મંડિત, ગજતુરંગરથાદિથી પૂર્ણ, અનેક પ્રકારના વ્યાપારથી ભરેલું, સુંદર બજારોવાળું છે.

વાલીને ક્રમથી નાનો ભાઈ સુગ્રીવ હતો. તે પણ ધીરવીર, મનોજ્ઞ, રૂપવાન, નીતિમાન અને વિનયવાન છે. બન્નેય વીરો કુળનું આભૂષણ હતા. સુગ્રીવ પછી શ્રીપ્રભા નામની બહેન જન્મી. તે સાક્ષાત્ લક્ષ્મીરૂપમાં અતુલ્ય હતી. સૂર્યરજના નાના ભાઈ રક્ષરજની રાણી હરિકાંતાને નલ અને નીલ નામના પુત્ર થયા. સજ્જનોને આનંદ આપનાર, દુશ્મનોથી નિર્ભય જાણે કિહકંધપુરની શોભા જ હતા. આ બન્ને ભાઈઓને બબ્બે મહાગુણવાન પુત્રો થયા. રાજા સૂર્યરજ પોતાના પુત્રોને યુવાન થયેલા જોઈ, મર્યાદાના પાલક જાણી, પોતે વિષયોને વિષમિશ્રિત અન્ન સમાન જાણી સંસારથી વિરક્ત થયા. રાજા સૂર્યરજ જ્ઞાની છે. તેણે વાલીને રાજ્ય આપ્યું અને સુગ્રીવને યુવરાજપદ આપ્યું અને પોતે આ ચતુર્ગતિરૂપ જગતને દુઃખથી પીડિત જોઈને વિહતમોહ નામના મુનિના શિષ્ય થયા. ભગવાને ચારિત્રનું જેવું સ્વરૂપ કહ્યું છે તેવું ચારિત્ર તેમણે અંગીકાર કર્યું. મુનિ સૂર્યરજને શરીરમાં પણ મમત્વ નથી, જેનું અંતઃકરણ આકાશ જેવું નિર્મળ છે, સમસ્ત પરિગ્રહરહિત થઈને તેમણે પવનની જેમ પૃથ્વી પર વિહાર કર્યો, વિષયકષાયરહિત મુક્તિના તે અભિલાષી થયા.

વાલીને મહાપતિવ્રતા ધ્રુવા નામની સ્ત્રી હતી. તે ગુણોના ઉદયથી સેંકડો રાણીઓમાં મુખ્ય હતી. વાનરવંશીઓના મુકુટ એવા રાજા વાલી દેવો સમાન સુખ ભોગવતા કિહકંધપુરમાં રાજ્ય કરતો થકો રાવણની આજ્ઞાથી વિમુખ થયો. વાલી અદ્‌ભુત કર્મ કરનારી મહાવિદ્યાથી મંડિત છે તેથી રાવણે વાલી પાસે એક દૂત મોકલ્યો. તે દૂત મહાબુદ્ધિમાન હતો. તે કિહકંધપુર જઈને વાલીને કહેવા લાગ્યો "હે વાનરાધીશ! દશમુખે તમને આજ્ઞા કરી છે તે સાંભળો. દશમુખ મહાબલી, મહાતેજસ્વી, મહાનીતિવાન, મહાઉદયવાન, પ્રચંડને દંડ દેનાર, જેના સમાન ભરતક્ષેત્રમાં બીજો કોઈ નથી એવા તેણે આજ્ઞા કરી છે કે તમારા પિતા સૂર્યરજને મેં રાજા યમને કાઢીને કિહકંધપુરમાં સ્થાપ્યા અને તમે અમારા સદાના મિત્ર છો, પરંતુ હવે તમે ઉપકાર ભૂલીને અમારાથી વિરુદ્ધ રહો છો તે યોગ્ય નથી. હું તમારા પિતાથી પણ અધિક પ્રેમ તમને આપીશ. તમે શીઘ્ર જ અમારી પાસે આવો, અમને પ્રણામ કરો અને તમારી બહેન શ્રીપ્રભાને અમારી સાથે પરણાવો. અમારી સાથે સંબંધ રાખવાથી તમને સર્વ પ્રકારે સુખ થશે.' દૂતે કહ્યું કે રાવણની આવી આજ્ઞા પ્રમાણ કરો. વાલીના મનમાં બીજી વાતોનો તો સ્વીકાર થયો, પણ એક પ્રણામની વાત સ્વીકારાઈ નહીં; કેમ કે તેની એ પ્રતિજ્ઞા હતી કે તે દેવગુરુશાસ્ત્ર સિવાય બીજા કોઈને પ્રણામ નહીં કરે. ત્યારે દૂતે ફરી કહ્યું કે હે કપિધ્વજ! અધિક કહેવાથી શું લાભ? મારું વચન તમે માનો. થોડી લક્ષ્મી મળવાથી ગર્વ ન કરો. કાં તો બન્ને હાથ જોડીને પ્રણામ કરો અને કાં આયુધ પકડો. કાં તો સેવક બનીને સ્વામી ઉપર ચામર ઢાળો અને કાં ભાગીને દશે દિશામાં ભટકયા કરો.

ત્યારે વાલીના વ્યાઘ્રવિલંબી નામના સુભટે કહ્યું હે કુદૂત! નીચ પુરુષ! તું આવા અવિવેકી વચનો બોલે છે તો તું ખોટા ગ્રહથી ખરડાયેલો છે, આખી પૃથ્વી પર જેનું પરાક્રમ અને ગુણ પ્રસિદ્ધ છે એવા વાલીની વાત તારા કુરાક્ષસે સાંભળી નથી લાગતી. આમ કહીને સુભટે ક્રોધથી દૂતને મારવા ખડ્‌ગ હાથમાં લીધું ત્યારે વાલીએ તેને રોકયો કે આ બિચારાને મારવાથી શું ફાયદો? એ તો પોતાના સ્વામીના સમજાવેલાં વચનો બોલે છે અને રાવણ આવાં વચનો કહેવરાવે છે તેથી તેનું જ આયુષ્ય અલ્પ છે. પછી દૂત ડરીને જલદી રાવણ પાસે આવ્યો, રાવણને બધી હકીકત કહી એટલે રાવણ ખૂબ ગુસ્સે થયો. દુસ્સહ તેજવાન રાવણે બખ્તર પહેરીને મોટી સેના સહિત શીઘ્ર કૂચ કરી. રાવણનું શરીર તેજોમય પરમાણુઓથી રચાયું છે. રાવણ કિહકંધપુર આવ્યો. ત્યારે વાલી પણ સંગ્રામ માટે બહાર નીકળવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તે વખતે મહાબુદ્ધિમાન, નીતિવાન સાગર, વૃદ્ધજનો, મંત્રી વગેરેએ તેને શાંત પાડીને કહ્યું કે હે દેવ! નિષ્કારણ યુદ્ધ કરવાથી શું લાભ? ક્ષમા કરો. અગાઉ અનેક યોદ્ધા માન કરીને નાશ પામ્યા છે. અષ્ટચંદ્ર વિદ્યાધર, અર્કકીર્તિના હાથનો આધાર, જેને દેવની સહાય હતી તો પણ મેઘેશ્વર જયકુમારનાં બાણોથી ક્ષય પામ્યા હતા. રાવણ પાસે મોટી સેના

છે, જેની સામે કોઈ જોઈ શકે નહિ, અનેક આયુધોથી સહિત છે, માટે આપ સદેહની તુલારૂપ સંગ્રામ માટે ન ચડો. વાલીએ કહ્યું કે હે મંત્રી, પોતાની પ્રશંસા કરવી યોગ્ય નથી તો પણ હું તમને સાચું કહું છું કે આ રાવણને તેની સેના સાથે એક ક્ષણમાત્રમાં ડાબા હાથની હથેળીથી ચૂરો કરી નાખવાને સમર્થ છું. પરંતુ આ ભોગ ક્ષણભંગુર છે, એના માટે નિર્દય કર્મ કોણ કરે? જ્યારે ક્રોધરૂપ અગ્નિથી મન પ્રજ્વલિત થાય ત્યારે નિર્દય કર્મ થાય છે. આ જગતના ભોગ કેળના થડ જેવા અસાર છે તે મેળવીને આ જીવ મોહથી નરકમાં પડે છે. નરક મહાદુઃખોથી ભરેલું છે. સર્વ જીવોને જીવન પ્રિય છે અને જીવોના સમૂહને હણીને ઈન્દ્રિયના ભોગથી સુખ પામીએ છીએ. તેમાં ગુણ ક્યાં છે? ઇન્દ્રિયસુખ સાક્ષાત્ દુઃખ જ છે. આ પ્રાણી સંસારરૂપી મહાકૂપમાં રેંટના ઘડા સમાન ભરાય છે ને ખાલી થાય છે કેવા છે. આ જીવ? વિકલ્પજાળથી અત્યંત દુઃખી છે. શ્રી જિનેન્દ્રદેવનાં ચરણકમળ સંસારથી તરવાનું કારણ છે. તેમને નમસ્કાર કર્યા પછી હું બીજાને નમસ્કાર કેવી રીતે કરું? મેં પહેલાંથી એવી પ્રતિજ્ઞા કરી છે કે દેવ–ગુરુ–શાસ્ત્ર સિવાય બીજાને પ્રણામ નહીં કરું, તેથી હું મારી પ્રતિજ્ઞા પણ નહીં તોડું અને યુદ્ધમાં અનેક પ્રાણીઓનો નાશ પણ નહીં કરું. હું મુક્તિ આપનાર સર્વસંગરહિત દિગંબરી દીક્ષા ધારણ કરીશ. મારા જે હાથ શ્રી જિનરાજની પૂજામાં પ્રવર્ત્યા, દાનમાં પ્રવર્ત્યા અને પૃથ્વીનું રક્ષણ કરવામાં પ્રવર્ત્યા; તે મારા હાથ કેવી રીતે બીજા કોઈને પ્રણામ કરે? અને જે હાથ જોડીને બીજાનો કિંકર થાય, તેનું ઐશ્વર્ય શું? અને જીવન શું? તે તો દીન છે.

આમ કહીને તેણે સુગ્રીવને બોલાવીને કહ્યું કે હે બાળક! સાંભળ! તું રાવણને નમસ્કાર કર અથવા ન કર. આપણી બહેન તેને આપ અથવા ન આપ, મારે કોઈ પ્રયોજન નથી. હું સંસારના માર્ગથી નિવૃત્ત થયો છું, તને રુચે તે કર. આમ કરીને સુગ્રીવને રાજ્ય આપીને તેણે ગુણોથી ગરિષ્ટ એવા શ્રી ગગનચંદ્ર મુનિ પાસે પારમેશ્વરી દીક્ષા ગ્રહણ કરી. જેણે પોતાનું ચિત્ત પરમાર્થમાં લગાડ્યું છે એવા તે વાલી પરમઋષિ બનીને એક ચિદ્રૂપભાવમાં રત થયા. જેમનું સમ્યગ્દર્શન નિર્મળ છે. જે સમ્યગ્જ્ઞાન સહિત છે તે સમ્યક્ચારિત્રમાં તત્પર બાર અનુપ્રેક્ષાઓનો નિરંતર વિચાર કરવા લાગ્યા. આત્માનુભવમાં મગ્ન, મોહજાળરહિત, સ્વગુણરૂપી ભૂમિ પર તે વિહરવા લાગ્યા. નિર્મળ આચારવાન મુનિઓ દ્વારા તે ગુણભૂમિ સેવનીય છે. વાલી મુનિ પિતાની પેઠે સર્વ જીવો પર દયાળુ બની બાહ્યાભ્યંતર તપથી કર્મની નિર્જરા કરવા લાગ્યા. તે શાંત બુદ્ધિવાળા તપોનિધિ મહાઋદ્ધિ પામ્યા. ઊંચા ઊંચા ગુણસ્થાનરૂપી પગથિયાં ચડવાનો તે ઉદ્યમ કરવા લાગ્યા. જેમણે અંતરંગ મિથ્યાભાવરૂપી ગાંઠ ભેદી નાખી છે, જે બાહ્યાભ્યંતર પરિગ્રહરહિત જિનસૂત્ર દ્વારા કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય બધું જાણતા હતા, સંવર દ્વારા કર્મોના સમૂહને તે ખપાવતા હતા, પ્રાણની રક્ષા જેટલો જ આહાર લઈને

જે ધર્મને માટે પ્રાણ ટકાવતા હતા અને મોક્ષને માટે ધર્મનું ઉપાર્જન કરતા હતા. ભવ્ય જીવોને આનંદ આપનાર ઉત્તમ આચરણવાળા વાલી મુનિ મુનિઓની ઉપમાને યોગ્ય થયા અને સુગ્રીવે રાવણને પોતાની બહેન પરણાવી, રાવણની આજ્ઞા સ્વીકારી, કિહકંધપુરનું રાજ્ય કર્યું.

પૃથ્વી પર જે જે વિદ્યાધરોની કન્યા રૂપવતી હતી તે બધીને રાવણ પોતાના પરાક્રમથી પરણ્યો. તે નિત્યાલોકનગરના રાજા નિત્યાલોક અને રાણી શ્રીદેવીની પુત્રી રત્નાવલીને પરણીને લંકા પાછા ફરતાં કૈલાસ પર્વત ઉપર આવ્યો. ત્યાંના જિનમંદિરોના પ્રભાવથી અને વાલી મુનિના પ્રભાવથી તેનું પુષ્પક વિમાન આગળ ન ચાલી શક્યું. તે મનના વેગ જેવું ચંચળ હતું, પણ સુમેરુના તટ પાસે આવતાં વાયુમંડળ થંભી જાય તેમ વિમાન થંભી ગયું. તેના ઘંટારવ અટકી ગયા. તે વખતે રાવણે વિમાનને અટકેલું જોઈ મારીચ મંત્રીને પૂછ્યું કે આ વિમાન શા કારણે અટકી ગયું? બધી બાબતોમાં પ્રવીણ મારીચે ત્યારે કહ્યું કે હે દેવ! સાંભળો, આ કૈલાસ પર્વત છે. અહીં કોઈ મુનિ કાયોત્સર્ગ કરીને રહે છે, શિલા ઉપર રત્નના સ્તંભ સમાન સૂર્યની સન્મુખ ગ્રીષ્મઋતુમાં આતાપન યોગ કરે છે, પોતાના તેજથી સૂર્યનું તેજ ઝાંખું પાડતા બિરાજે છે. એ મહામુનિ ધીરવીર છે, ઘોર તપ કરે છે, શીઘ્રમુક્તિ પ્રાપ્ત કરવા ચાહે છે. તેથી નીચે ઉતરીને તેમના દર્શન કરીને આગળ ચાલો તથા વિમાનને પાછું ફેરવી કૈલાસ છોડીને બીજે માર્ગે લઈને ચાલો. જો કદાચ હઠ કરીને કૈલાસના માર્ગે ઉપર થઈને જશો તો વિમાનના ટુકડેટુકડા થઈ જશે.

મારીચનાં વચનો સાંભળીને રાજા યમનો વિજેતા રાવણ પોતાના પરાક્રમથી ગર્વિત થઈ રાવણ વિમાનમાંથી નીચે ઉતર્યો. ત્યાં તેણે ધ્યાનરૂપી સમુદ્રમાં મગ્ન, પોતાના શરીરના તેજથી દશે દિશાઓને પ્રકાશિત કરતા મહામુનિ વાલીને જોયા. દિગ્ગજોની સૂંઢ સમાન બન્ને ભુજા લંબાવીને કાયોત્સર્ગમાં ઊભેલા, જેમના શરીર પર સર્પ વીંટળાઈ વળ્યા છે, જાણે કે તે ચંદનવૃક્ષ જ ન હોય! આતાપન શિલા પર ઊભેલા તે પ્રાણીઓને પાષાણસ્તંભ જ લાગે છે. રાવણ વાલી મુનિને જોઈ, પૂર્વના વેરનો વિચાર કરી ક્રોધરૂપી અગ્નિથી પ્રજ્વલિત થયો. ભ્રકુટિ ચડાવી, હોઠ કરડતાં તેણે મુનિને કઠોર શબ્દ કહ્યા "અહો, આ તે તારું કેવું તપ કે હજી પણ અભિમાન ન છૂટયું અને મારા ચાલતા વિમાનને રોક્યું? ક્યાં ઉત્તમ ક્ષમારૂપ વીતરાગનો ધર્મ અને ક્યાં પાપરૂપ ક્રોધ? તું નકામી મહેનત કરે છે, તું અમૃત અને વિષને એક કરવા ઇચ્છે છે માટે હું તારો ગર્વ દૂર કરીશ. તારા સહિત કૈલાસ પર્વતને ઉપાડીને સમુદ્રમાં ફેંકી દઈશ."

આવા કઠોર વચન બોલીને રાવણે વિકરાળ રૂપ કર્યું. તેણે જે વિદ્યાઓ સાધી હતી તેની અધિષ્ઠાતા દેવી ચિંતવનમાત્રમાં હાજર થઈ. તે વિદ્યાના બળથી રાવણે મહાન

રૂપ બનાવ્યું. તે ધરતીને ભેદીને પાતાળમાં પેઠો. મહાપાપમાં ઉદ્યમી, પ્રચંડ ક્રોધથી લાલ નેત્ર કરી, મુખેથી હુંકાર કરી, ભુજાઓ વડે કૈલાસ પર્વત ઉખાડવાનો પ્રયત્ન કર્યો. તે વખતે સિંહ, હસ્તિ, સર્પ, હરણ અને અનેક જાતિના પક્ષી ભયથી કોલાહલ કરવા લાગ્યા, પાણીના ઝરા તૂટી ગયા અને પાણી પડવા લાગ્યું, વૃક્ષો તૂટી પડયાં. પર્વતની શિલા અને પાષાણ પડવા લાગ્યા. તેના વિકરાળ અવાજથી દશે દિશાઓમાંથી કૈલાસ પર્વત હલવા લાગ્યો, જે દેવ ત્યાં ક્રીડા કરતા હતા તે આશ્ચર્ય પામ્યા, દશે દિશાઓમાં જોવા લાગ્યા, જે અપ્સરાઓ લતાઓના મંડપમાં કેલિ કરતી હતી તે લતા છોડીને આકાશમાં ગમન કરવા લાગી.

વાલીએ આ રાવણનું કર્તવ્ય જાણીને પોતે કાંઈ ખેદ ન પામ્યા, જેમ નિશ્ચળપણે ઊભા હતા તેમ ને તેમ રહ્યા. મનમાં એવો વિચાર કર્યો કે આ પર્વત પર ભગવાનનાં અતિ ઉત્તુંગ, રત્નમયી ચૈત્યાલયો ભરત ચક્રવર્તીનાં બનાવડાવેલાં છે, જ્યાં સુર, અસુર, વિદ્યાધરો નિરંતર પૂજા ભક્તિ કરવા આવે છે તેમાં તિરાડ ન પડે અને અહીં અનેક જીવ વિચરે છે તેને બાધા ન પહોંચે એવા વિચારથી પોતાના પગનો અંગૂઠો ધીમેથી દબાવ્યો. આથી રાવણ મહાભારથી આક્રાંત થઈ દબાઈ ગયો. અનેક રૂપ બનાવ્યાં હતાં તે તૂટી ગયાં, દુ:ખ અને વ્યાકુળતાથી આંખોમાંથી લોહી ટપકવા માંડયું, મુગટ તૂટી ગયો, માથું ભીંજાઈ ગયું, પર્વત બેસી ગયો અને રાવણના ગોઠણ છોલાઈ ગયા, જાંઘ પણ છોલાઈ ગઈ, તત્કાળ પરસેવાથી રેબઝેબ થઈ ગયો, ધરતી પરસેવાથી ભીની થઈ ગઈ, રાવણનાં ગાત્ર સંકોચાઈ ગયાં, કાચબા જેવા થઈ ગયા ત્યારે રોવા લાગ્યો. તે જ કારણે પૃથ્વી ઉપર રાવણ કહેવાયો. અત્યાર સુધી તે દશાનન કહેવાતો હતો. એના અત્યંત દીન શબ્દ સાંભળીને તેની રાણી અત્યંત વિલાપ કરવા લાગી અને મંત્રી, સેનાપતિ સહિત સર્વ સુભટ પહેલાં તો ભ્રમથી વૃથા યુદ્ધ કરવા તૈયાર થયા. પછી આ મુનિનો અતિશય જોઈને સર્વ આયુધ નીચે મૂકી દીધાં, મુનિના કાયબળઋદ્ધિના પ્રભાવથી દેવદુંદુભિ વાગવાં લાગ્યાં અને કલ્પવૃક્ષોનાં ફૂલોની વૃષ્ટિ થઈ, આકાશમાં દેવદેવી નૃત્ય કરવા લાગ્યાં, ગીતની ધ્વનિ થવા લાગ્યો. પછી મહામુનિએ દયા કરીને અંગૂઠો ઢીલો કર્યો.

રાવણે પર્વત નીચેથી નીકળીને, વાલી મુનિની સમીપ આવી નમસ્કાર કરી ક્ષમા માગી, જેણે તપનું બળ જાણ્યું હતું એવો તે યોગીશ્વરની વારંવાર સ્તુતિ કરવા લાગ્યો : હે નાથ! આપે ઘરમાંથી જ એવી પ્રતિજ્ઞા કરી હતી કે હું જિનેન્દ્ર, મુનીન્દ્ર અને જિનશાસન સિવાય બીજા કોઈને પણ પ્રણામ નહીં કરું. એ બધું આપના સામર્થ્યનું ફળ છે. અહો ધન્ય છે આપનો નિશ્ચય અને ધન્ય છે આ તપનું બળ! હે ભગવાન! આપ યોગશક્તિથી ત્રણ લોકને અન્યથા કરવા સામર્થ છો, ઉત્તમ ક્ષમાધર્મના યોગથી સર્વ પ્રત્યે દયાળુ છો, કોઈના ઉપર આપને ક્રોધ નથી. હે પ્રભો! જેવું તપથી પૂર્ણ

મુનિને વિના પ્રયત્ને સામર્થ્ય પ્રગટે છે તેવું ઈન્દ્રાદિકને પણ હોતું નથી. ધન્ય છે આપના ગુણ, ધન્ય છે આપનું રૂપ, ધન્ય આપની કાંતિ, ધન્ય આપનું આશ્ચર્યકારી બળ, અદ્‌ભુત શીલ, અદ્‌ભુત તપ, ત્રણ લોકમાં જે અદ્‌ભુત પરમાણુ છે તેનાથી સુકૃતનો આધાર આપનું શરીર બન્યું છે. જન્મથી જ મહાબળવાન, સર્વ સામર્થ્યના ધારક આપે નવયૌવનમાં જ જગતની માયા છોડીને પરમશાંતસ્વરૂપ અરહંતની દીક્ષા ગ્રહણ કરી છે એવું અદ્‌ભુત કાર્ય આપના જેવા સત્પુરુષોથી જ બને છે. મેં પાપીએ આપના જેવા સત્પુરુષોનો અવિનય કર્યો અને મહાપાપનો બંધ કર્યો છે. ધિક્કાર છે મારા મન, વચન, કાયાને ! હું પાપી મુનિદ્રોહમાં પ્રવર્ત્યો, જિનમંદિરનો અવિનય કર્યો. આપના જેવા પુરુષરત્ન અને મારા જેવા દુર્બુદ્ધિ વચ્ચે સુમેરુ અને સરસવના દાણા જેટલું અંતર છે, મને મરતાને આજે આપે પ્રાણ આપ્યા છે, આપ દયાળુ છો, અમારા જેવા દુષ્ટ દુર્જન ઉપર પણ ક્ષમા રાખો છો.

આ પ્રમાણે બીજું ઘણું કહ્યું. હું જિનવાણીનું શ્રવણ કરું છું, જાણું છું, દેખું છું કે આ સંસાર અસાર છે, અસ્થિર છે, દુઃખસ્વભાવ છે, તોપણ હું પાપી વિષયોથી વિરક્ત થયો નહીં. ધન્ય છે તે પુણ્યવાન મહાપુરુષો, જે અલ્પ સંસારી છે, મોક્ષના પાત્ર છે, જે તરુણ અવસ્થામાં વિષયોને છોડી મુનિવ્રતને આચરે છે. આ પ્રમાણે મુનિની સ્તુતિ કરી, ત્રણ પ્રદક્ષિણા કરી, નમસ્કાર કરી, પોતાની નિંદા કરી, બહુ જ લજ્જિત થઈ મુનિની સમીપે જે જિનમંદિરો હતાં તેમાં વંદના અર્થે પ્રવેશ્યો. ચંદ્રહાસ ખડ્‌ગને નીચે મૂકી પોતાની રાણીઓ સાથે જિનવરનું પૂજન કરવા લાગ્યો, ભુજામાંથી નસરૂપ તાંતા કાઢીને વીણાની જેમ વગાડવા લાગ્યો, ભક્તિમાં પૂર્ણ ભાવ રાખીને, સ્તુતિ કરી, જિનેન્દ્રના ગુણાનુવાદ ગાવા લાગ્યો : હે દેવાધિદેવ ! લોકાલોકના જોનાર આપને નમસ્કાર હો. આપનું તેજ લોકને ઓળંગી જાય છે. હે કૃતાર્થ મહાત્મા ! નમસ્કાર. ત્રણે લોકે આપની પૂજા કરી છે. આપે મોહના વેગનો નાશ કર્યો છે, આપ વચનથી અગોચર છો, ગુણોના સમૂહના ધારક છો, મહાઐશ્વર્યથી મંડિત છો, મોક્ષમાર્ગના ઉપદેશક છો, સુખની ઉત્કૃષ્ટતામાં પૂર્ણ છો, સમસ્ત કુમાર્ગથી દૂર છો, જીવોને મુક્તિનું કારણ છો, મહાકલ્યાણનું મૂળ છો, સર્વ કર્મના સાક્ષી છો, ધ્યાન વડે આપે પાપની ભસ્મ કરી નાખી છે, જન્મમરણ દૂર કરનાર છો, આપના ગુરુ કોઈ નથી, આપ સર્વના ગુરુ છો, આપ કોઈને નમતા નથી, સર્વ વડે આપ નમસ્કાર યોગ્ય છો, આદિ-અંતરહિત, સર્વ રાગાદિક ઉપાધિથી શૂન્ય છો, સર્વના ઉપદેશક છો, દ્રવ્યાર્થિકનયથી સર્વ નિત્ય છે અને પર્યાયાર્થિકનયથી સર્વ અનિત્ય છે એવું કથન કરનાર છો, કોઈ એક નયથી દ્રવ્ય-ગુણ જુદા છે અને કોઈ એક નયથી દ્રવ્ય-ગુણ અભેદ છે. આવું અનેકાન્ત બતાવનાર જિનેશ્વર છો, સર્વરૂપ, એકરૂપ, ચિદ્રૂપ, અરૂપ, જીવોને મુક્તિ આપનાર એવા આપને અમારા વારંવાર નમસ્કાર હો.

રાવણ દ્વારા જિનેન્દ્રદેવની મહાસ્તુતિ કરવામાં આવી તેથી ધરણેન્દ્રનું આસન કંપાયમાન થયું. તેમણે અવધિજ્ઞાનથી રાવણનું વૃત્તાંત જાણ્યું અને હર્ષથી તેમનાં નેત્ર ખીલી ઊઠ્યાં. સુંદર મુખ, દેદીપ્યમાન મણિઓથી તેમણે અંધકારને દૂર કર્યો અને તે નાગપતિ પાતાલમાંથી શીઘ્ર કૈલાસ પર્વત પર આવ્યા. જિનેન્દ્રને નમસ્કાર કરી, વિધિપૂર્વક, સમસ્ત મનોજ્ઞ દ્રવ્યોથી ભગવાનની પૂજા કરી રાવણને કહેવા લાગ્યા : 'હે ભવ્ય! તે ભગવાનની ખૂબ સ્તુતિ કરી અને જિનભક્તિનાં સુંદર ગીત ગાયાં તેથી અમને ઘણો આનંદ થયો છે. હે રાક્ષસેશ્વર! ધન્ય છે તું, જેણે જિનરાજની સ્તુતિ કરી. તારા ભાવથી અત્યારે અમારું આગમન થયું છે, હું તારા પર સંતુષ્ટ થયો છું. તું વર માગ. જે મનવાંછિત વસ્તુ તું માગીશ તે હું આપીશ. જે વસ્તુ મનુષ્યોને દુર્લભ છે તે હું તને આપીશ.' ત્યારે રાવણને કહ્યું કે હે નાગરાજ! જિનવંદના જેવી બીજી કોઈ શુભ વસ્તુ છે? કે જે હું આપની પાસે માગું! આપ સર્વ વાતમાં સમર્થ મનવાંછિત આપવા લાયક છો. ત્યારે નાગપતિ બોલ્યા. હે રાવણ! જિનેન્દ્રની વંદના સમાન બીજું કલ્યાણ નથી. આરાધવામાં આવેલી આ જિનભક્તિ મુક્તિનાં સુખ આપે છે માટે આના જેવો બીજો કોઈ પદાર્થ થયો નથી અને થશે પણ નહિ. ત્યારે રાવણે કહ્યું કે હે મહામતે! જો એનાથી અધિક બીજી વસ્તુ ન હોય તો હું શું માગું? નાગપતિએ જવાબ આપ્યો કે તેં જે કહ્યું તે બધું સત્ય છે, જિનભક્તિથી બધું જ સિદ્ધ થાય છે, એને કાંઈ દુર્લભ નથી, તારા જેવાં, મારા જેવાં અને ઇન્દ્ર જેવાં અનેક પદ જિનભક્તિથી જ મળે છે અને આ સંસારનાં સુખ તો અલ્પ છે, વિનાશી છે એની શી વાત! મોક્ષના જે અવિનાશી અને અતીન્દ્રિય સુખ છે તે પણ જિનભક્તિથી પ્રાપ્ત થાય છે. હે રાવણ! તું જોકે અત્યંત ત્યાગી છો, વિનયવાન, બળવાન, ઐશ્વર્યવાન અને ગુણથી શોભિત છો, તોપણ મારું દર્શન તને વૃથા ન થાય. હું તને વિનંતી કરું છું કે તું કાંઈક માગ. તું યાચક નથી એ હું જાણું છું, પરંતુ હું અમોઘ વિજય નામની શક્તિવિદ્યા તને આપું છું તે હે લંકેશ! તું લે. અમારો સ્નેહ તોડ નહિ. હે રાવણ! કોઈની દશા સદા એકસરખી રહેતી નથી. સંપત્તિ પછી વિપત્તિ અને વિપત્તિ પછી સંપત્તિ થાય છે. તારું મનુષ્યનું શરીર છે અને કદાચ તારા ઉપર વિપત્તિ આવી પડે તો આ શક્તિ તારા શત્રુનો નાશ અને તારું રક્ષણ કરશે. મનુષ્યોની શી વાત, આનાથી દેવ પણ ડરે છે. આ શક્તિ અગ્નિજવાળાથી મંડિત વિસ્તીર્ણ શક્તિની ધારક છે. આથી રાવણે ધરણેન્દ્રની આજ્ઞા લોપવા અસમર્થ હોવાથી શક્તિનું ગ્રહણ કર્યું, કેમ કે કોઈની પાસેથી કાંઈ લેવું તે અત્યંત લઘુતા છે એટલે આ વાતથી રાવણ પ્રસન્ન ન થયો. રાવણ અતિ ઉદારચિત્ત છે. રાવણે હાથ જોડીને ધરણેન્દ્રને નમસ્કાર કર્યા. ધરણેન્દ્ર પોતે પોતાના સ્થાનકે ગયા. રાવણે એક માસ કૈલાસ પર રહી ભગવાનનાં ચૈત્યાલયોની મહાભક્તિથી પૂજા કરી, વાલી મુનિની સ્તુતિ કરી અને પછી પોતાના સ્થાનકે ગયો.

વાલી મુનિએ મનના ક્ષોભથી જે કાંઈક પાપકર્મ ઉપાજર્યું હતું તેનું ગુરુઓની પાસે જઈ પ્રાયશ્ચિત્ત લીધું, શલ્ય દૂર કરીને પરમ સુખી થયા. જેમ વિષ્ણુકુમાર મુનિએ મુનિઓની રક્ષા નિમિત્તે બલિનો પરાભવ કર્યો હતો અને ગુરુ પાસેથી પ્રાયશ્ચિત્ત લઈને પરમ સુખી થયા હતા તેમ વાલી મુનિએ ચૈત્યાલયોની અને અનેક જીવોની રક્ષા નિમિત્તે રાવણનો પરાભવ કર્યો, કૈલાસ થંભાવ્યો પછી ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લઈને શલ્ય મટાડી પરમ સુખી થયા. ચારિત્રથી, ગુપ્તિથી, ધર્મથી, અનુપ્રેક્ષાથી, સમિતિથી, પરીષહ સહન કરવાથી મહાસંવર પામી, કર્મોની નિર્જરા કરી, વાલી મુનિ કેવળજ્ઞાન પામ્યા અને આઠ કર્મથી રહિત થઈ લોકના શિખરે અવિનાશી સ્થાનમાં અવિનાશી સુખ પામ્યા.

## વૈરાગ્ય સમાચાર :—

* સુરેન્દ્રનગરનિવાસી શ્રી નટવરલાલ શાંતિલાલ શાહ (વર્ષ–૬૭) તા. ૮–૬–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી નવલબેન પારસરામ શાહ (–બ્ર. શ્રી જ્યોત્સનાબેનના માતુશ્રી) (વર્ષ–૯૩) તા. ૧૪–૬–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈ (પાર્લા) નિવાસી શ્રી અનિલભાઈ અનુપચંદભાઈ ઉદાણી (વર્ષ–૫૧) તા. ૭–૭–૯૭ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ ભવોદધિતારણહાર પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

આ પૃથ્વી ઉપર જે મૂર્ખ મનુષ્યો છે તેઓ પણ દુઃખનો નાશ કરવા માટે પ્રયત્ન કરે છે; છતાં પણ જો પોતાના કર્મના પ્રભાવથી તે દુઃખનો વિનાશ ન યે થાય તોપણ તેઓ એટલા મૂર્ખ નથી. અમે તો તે જ મૂર્ખોને મૂર્ખોમાં શ્રેષ્ઠ અર્થાત અતિશય મૂર્ખ માનીએ છીએ જે કોઈ ઈષ્ટ મનુષ્યનું મરણ થતાં પાપ અને દુઃખના નિમિત્તભૂત શોકને કરે છે.

—શ્રી પદ્મનંદિ પંચવિંશતિ

[ તા. ૧૫-૭-૯૭ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે:—

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ
પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા
સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન
બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : 'શ્રી સમયસાર' ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન
બપોરે પ્રવચન પહેલાં : પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સ્તુતિ
બપોરે પ્રવચન પછી : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ
બપોરે ૪-૪૫ થી ૫-૧૫ : જિનેન્દ્રભક્તિ
સાંજે ૮-૦૦ થી ૯-૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી નાટક સમયસાર' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન

*** નંદીશ્વર-અષ્ટાહ્નિકા-પર્વ:—**

અષાઢ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા તા. ૧૩-૭-૯૭ થી તા. ૨૦-૭-૯૭ સુધી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં શ્રી પંચમેરુ-નંદીશ્વરવિધાનપૂજા તેમ જ નંદીશ્વરભક્તિ આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવાઈ રહી છે.

**રક્ષાબંધન પર્વ :-**

શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્ય આદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી તે રક્ષાબંધનનો પર્વ તા. ૧૮-૮-૯૭ના રોજ પૂજાભક્તિ પૂર્વક ઉજવાશે.

*** વીરશાસનજયંતી :-** તા. ૨૦-૭-૯૭ ને રવિવારના રોજ વીરશાસનજયંતી ભક્તિપૂજાના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ જુઓ એક વિચાર સવારે આવ્યો હતો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એની કેવળજ્ઞાન આદિ પાંચ પર્યાયો છે. કેવળજ્ઞાન પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, તેમ મતિજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. તેમ શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે અને પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. વ્યવસ્થિત જાણવું એ જ એનો સ્વભાવ છે. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે એટલે એની પર્યાય, ગુણ અને દ્રવ્ય બસ જાણનાર જ છે, ફેરફાર કરનાર નથી. પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી. જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે. આહાહા ! જુઓ તો ખરા ! વસ્તુ જ આમ છે. અંદરમાં તો ખૂબ ગંભીરતાથી ચાલતું હતું પણ કહેવામાં તો... ૬૦.

✻ અરે ભાઈ ! તું વિચાર તો કર કે તું કોણ છો ? તું જ્ઞાનસ્વરૂપ છો. જે થાય તેને જાણ ! તું કરનાર નહિ, જાણનાર છો. ક્રમબદ્ધની વાત વિચારે તો બધાં ઝગડા મટી જાય. પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી, અકર્તા સ્વરૂપ છે. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય તરફ વાળવી આ એક જ વસ્તુ છે, એ ખરેખર જૈન દર્શન છે. આહાહા ! જૈનદર્શન આકરું બહુ ! પણ અપૂર્વ છે અને તેનું ફળ મહાન છે. સિદ્ધ ગતિ એનું ફળ છે. પરનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી પણ નિર્મળ પર્યાયનો કર્તા નથી. કેમ કે પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. એનામાં ભાવ નામની એક શક્તિ છે તેના કારણે પર્યાય થાય જ છે, કરું તો થાય એમ નથી. આહાહા ! ભાઈ ! માર્ગ આકરો છે, અચિંત્ય છે, અગમ્ય છે, અગમ્યને ગમ્ય કરાવે એવો અપૂર્વ માર્ગ છે. પર્યાય ક્રમસર થાય છે, દ્રવ્યગુણ પણ એનો કર્તા નહિ—એમ કહીને એકલી સર્વજ્ઞતા સિદ્ધ કરી છે. અકર્તાપણું એટલે જ્ઞાતાપણું સિદ્ધ કર્યું છે. ૬૧.

## ✲ નિઃસંદેહપણે જાણો ✲

નિશ્ચયથી, વિદ્યમાન ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઈત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય એકલા પુદ્ગલદ્રવ્યનું કાર્ય છે અર્થાત્ પુદ્ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે એમ હે જીવો ! નિઃસંદેહપણે જાણો.

*(--શ્રી રાજમલજી કળશટીકા, કળશ--૩૯)*

If undelivered please return to :--
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

સંપાદક : **નાગરદાસ બેચરદાસ મોદી**
તંત્રી : **હીરાલાલ ભીખાલાલ શાહ**
પ્રકાશક : **શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ સોનગઢ-૩૬૪૨૫૦**
મુદ્રક : **જ્ઞાનચંદ જૈન**
**કહાન મુદ્રણાલય, સોનગઢ**

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]

શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, પી. ઓ. સણોસરા,
વાયા—સોનગઢ **સણોસરા**-૩૬૪૨૩